તા.: ૦૪– ૦૩–૨૦૨૧ના રોજ મળેલ કારોબારી કમીટીની કાર્યનોંધ..

....................................................................................

કા.સ.ઠ.નં. ૩૦૭ / તા.:૦૪–૦૩–૨૦૨૧

———————————————————————————————————————————

<u>કામ નં.–૧.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાનો સને. ૨૦૨૦–૨૦૨૧ નો તા.:૦૧/૦૪/૨૦૨૦ થી તા.:૩૧/૧૨/૨૦૨૦ સુધીનો નવ–માસીક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાનો સને. ૨૦૨૦–૨૦૨૧ નો તા.: ૦૧/૦૪/૨૦૨૦ થી તા.: ૩૧/૧૨/૨૦૨૦ સુધીનો નવ–માસીક હિસાબ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૩૦૮/ તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૨.</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૦–૨૦૨૧ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૪૧૮૭૦૧૮૫/–તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૫૦૨૩૫૦૦૦/–રીવાઈઝડ બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૦–૨૦૨૧ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૪૧૮૭૦૧૮૫/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૫૦૨૩૫૦૦૦/– રીવાઈઝડ બજેટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૦૯/ તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૩.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૧–૨૦૨૨ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૧૯૯૧૯૭૧૫/–તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૭૯૮૪૩૮૯૦૦/– બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૧–૨૦૨૨ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૨૨૯૧૯૭૧૫/–તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૩૦૯૩૮૯૦૦/– બજેટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૩૧૦ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૪.</u>

<u>વિષય:–</u>વર્ષ : ૨૦૧૮–૧૯ તથા વર્ષ : ૨૦૧૯–૨૦ થી એક્રુઅલ બેઈઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સિસ્ટમ મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા–વલસાડના હિસાબો એક્રુઅલ બેઈઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સિસ્ટમથી તૈયાર કરવા અંગે ગુ.મ્યુનિ. ફાઈ.બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.–મફબ / અકડ / યુ.૯ / ૨૦૨૦ / ૨૬૨૦ તા.૩૦–૦૧–૨૦૨૧.ના પત્રમાં જણાવ્યા મુજબ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર ધ્વારા એમપેનલ થયેલ સી.એ. ફર્મ અથવા પસંદગી કરી કામગીરી પૂર્ણ કરવા જણાવેલ છે. અગાઉના વર્ષમાં (૨૦૧૭–૧૮) માં નગરપાલિકાની કામગીરી શાહ કૈલાશ શાહ એન્ડ એસોસીએટ–સુરત પાસેથી કરાવવામાં આવેલ હતી અને તેઓ ધ્વારા સદરહુ કામગીરી સંતોષકારક નિભાવવામાં આવેલ છે તો સદરહું કામગીરી તેઓ પાસેથી કરાવવા તેમજ સદરહું કામગીરી કરવા માટે વલસાડ નગરપાલિકા– વલસાડને અન્ય બે બીજા સી.એ.ફર્મ ધ્વારા પણ અરજી કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) એ.બી.કોઠીયા એન્ડ કંપની, લાલ દરવાજા, સુરત.

(૨) અથર્વ પ્લાનીંગ એન્ડ રિસર્ચ સેન્ટર પ્રા.લી., સી.જી.રોડ,અમદાવાદ

ઉપરોકત હકીકત ધ્યાને લઈ એક્રુઅલ બેઈઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સિસ્ટમ મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરવા બાબત સી.એ. ફર્મ નકકી કરવા અંગે તેમજ આ કામગીરી કરવા અંગે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર ધ્વારા નિયત કરવામાં આવેલ ફીના દર રૂા.૨,૨૦,૫૦૦/– **+ GST** મંજુર કરવામાં આવેલ છે. જે હકીકતોથી વિદિત થતાં સદરહું કામે ચર્ચા વિચારણા કરતાં સરકારશ્રીની નિતીનયમ મુજબ આવતા અથવા લોકલ લેવલના સી.એ.ફર્મ પાસે પ્રપોઝલ મંગાવી, શરતો બનાવી, જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૩૧૧ / તા.: ૦૪– ૦૩–૨૦૨૧**

---

**<u>કામ નં.–૫</u>**

**<u>વિષયઃ–</u> નગરપાલિકાના વર્ગ–૪ નાં કર્મચારીઓને સને : ૨૦૧૯–૨૦ નાં વર્ષ માટે એડહોક બોનસ ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા– વલસાડનાં વર્ગ–૪ નાં કાયમી કર્મચારીઓ તથા રોજમદાર કર્મચારીઓ કે તા.:૩૧–૦૩–૨૦૨૦ ના રોજ નોકરીમાં ચાલુ હોય સને ૨૦૧૯–૨૦ ના વર્ષ દરમ્યાન જેમણે ઓછામાં ઓછી ૬(છ) મહિનાની સળંગ નોકરી કરેલ હોઈ તેવાં કાયમી કર્મચારીને રૂા.૩૪૫૪/– તથા ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી ઓછામાં ઓછા ૨૪૦ દિવસ કામ કરેલ હોય તેવા છુટક મજુરોને રૂા. ૧૧૮૪/– નામદાર ગુજરાત સરકારશ્રીનાં નાણાં વિભાગનાં પત્ર ક્રમાંક નં. – બનસ / ૧૦૨૦૨૦ / જીઓઆઈ /૦ ૪ / ચ તા.: ૦૬–૧૧–૨૦૨૦ થી ઠરાવ્યા મુજબ સનેઃ ૨૦૧૯–૨૦ નાં વર્ષ માટેનું બોનસ ચુકવવાપાત્ર થાય છે. તેવાં સંજોગોમાં ઉપરોક્ત બોનસ ચુકવવાપાત્ર થાય છે. તેવાં સંજોગોમાં ઉપરોક્ત બોનસ ચુકવવા અંગેની નિયમોનુસાર દરખાસ્ત મે.રીજયોનલ કમિશ્નરશ્રી – સુરતને સાદર કરી, મંજુરત મેળવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.–૩૧૨ / તા.:૦૪–૦૩–૨૦૨૧**

---

**<u>કામ નં.–૬</u>**

**<u>વિષય:–</u> આરોગ્ય શાખામાં ઝાડુવાળા તરીકે ફરજ બજાવતાં કર્મચારી સુરેશ બાબુભાઈ પટેલ તા.: ૨૭–૦૮–૨૦૨૦ ના રોજ મરણ પામેલ હોય, તેમને ઔદ્યોગીક એકટ મુજબ ગ્રેજયુઈટી ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.**

**<u>ઠરાવ.:–</u>**

**એકાઉન્ટર્સ ઓફીસરશ્રી, હિસાબી શાખા તેમજ ચીફ ઓફીસરશ્રીનો રીપોર્ટ વંચાણે લેવામાં આવ્યો. વલસાડ નગરપાલિકા– વલસાડના આરોગ્ય શાખામાં ઝાડુવાળા તરીકે ફરજ બજાવતાં નીચે મુજબના કર્મચારી મરણ પામેલ હતા, તેઓની હંગામી કર્મચારી તરીકેની નોકરીનો કુલ સમયગાળો ૨૬ વર્ષ થાય છે. જે હકીકત ધ્યાને લઈ તેઓને ઔદ્યોગીક એકટ મુજબ નીચે જણાવ્યા પ્રમાણેની ગ્રેજયુઈટીની રકમ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ.નં | કર્મચારીનું નામ. | શાખાનુંનામ. | તારીખ | દૈનિક વેતન | ચુકવવાપાત્ર ગ્રેજયુઈટીરૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | સુરેશ બાબુભાઈ પટેલ | આરોગ્ય | ૨૭–૦૮–૨૦૨૦ (મરણ) | ૫૨૩.૩૫– | ૨,૦૪,૧૦૭/– |

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.– ૩૧૩ / તા.:૦૪–૦૩–૨૦૨૧

————————————————————————————————————————————

<u>કામ નં.–૭</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા–વલસાડ એકાઉન્ટ શાખા ધ્વારા ઈ.પી.એફ.ને લગતી તમામ કામગીરી જેવી કે, ઈ.પી.એફ.સ્ટેટમેન્ટ, ઈ.પી.એફ.ચલણ, ઈ.પી.એફ કલેમ, ઈ.પી.એફ.વિડ્રોલ વિગેરેને લગતી કામગીરી, કન્સ્લ્ટન્ટન્ટ વિનેશ ડી.ટોપીવાલા પાસેથી કરાવવામાં આવેલ જેનું આવેલ બીલ રૂા.૧૦,૦૦૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા–વલસાડ એકાઉન્ટ શાખા ધ્વારા ઈ.પી.એફ.ને લગતી તમામ કામગીરી જેવી કે, ઈ.પી.એફ.સ્ટેટમેન્ટ, ઈ.પી.એફ.ચલણ, ઈ.પી.એફ કલેમ, ઈ.પી.એફ.વિડ્રોલ વિગેરેને લગતી કામગીરી,કન્સ્લ્ટન્ટન્ટ વિનેશ ડી.ટોપીવાલા પાસેથી કરાવવામાં આવતી હોય સદરહુ કન્સલ્ટન્ટશ્રીનું માહેઃઓકટોબર–૨૦નું બીલ નં.–૪૧૬તા.:૦૧–૧૧–૨૦૨૦થીરકમ રૂા.૧૦,૦૦૦/–પુરાનું આવેલ બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૩૧૪ / તા.:૦૪ – ૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૮</u>

<u>વિષય:–</u>વલસાડ નગરપાલિકા, વલસાડના કાયમી ફરજ બજાવતા કર્મચારીઓ નિવૃત્ત થતાં ગ્રેજયુઈટી, પેન્શન, વિગેરે ચુકવવા અંગેનું આવેલ કામ બાબત..

<u>ઠરાવ.:</u>

વલસાડ નગરપાલિકા, વલસાડના કાયમી ફરજ બજાવતા જુદા જુદા શાખાના નીચે જણાવેલ કાયમી કર્મચારીઓ નિવૃત થતાં તેમની નિયમોનુસાર નીકળતી નીચે જણાવ્યા મુજબની ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન વિગેરેની ચુકવણી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ નં | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | ગ્રેજયુઈટી રૂા. | રૂપાંતરીત પેન્શન | પેન્શન રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | વલી મોહમદસલીમ અબ્દુલમજીદ | આરોગ્ય | ૩૧–૦૧–૨૦૨૧ (સ્વૈ.નિવૃતિ) | ૩,૮૨,૮૦૦/– | ૨૪૧૫૯૬/– | ૫૮૦૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૨ | પટેલ બળવંત દયાળજી | આરોગ્ય | ૩૧–૦૩–૨૦૨૧ | ૬૧૮૪૩૮/– | ૩૭૫૨૮૯/– | ૯૩૪૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૩ | પટેલ અશોકભાઈ ભાણાભાઈ | ઓકટ્રોઈ | ૩૧–૦૩–૨૦૨૧ | ૫૩૮૮૨૪/– | ૩૧૫૪૧૯/– | ૭૮૫૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૪ | રાણા પ્રમોદ નાનુભાઈ | વહીવટી | ૩૦–૦૪–૨૦૨૧ | ૧૧૦૯૦૩૧/– | ૫૧૧૫૦૨/– | ૧૨૭૩૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૫ | મુલતાની મહેબુબ ફકીરઅહેમદ | ઓકટ્રોઈ | ૩૧–૦૫–૨૦૨૧ | ૬૬૮૪૪૫/– | ૩૩૯૧૨૬/– | ૮૪૪૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૬ | પટેલ છગન રામસીંગ | બાંધકામ | ૩૦–૦૪–૨૦૨૧ | ૫૦૮૮૬૩/– | ૩૦૯૭૯૪/– | ૭૭૧૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૭ | વોરા મજીદ ઈસ્માઈલ | બાંધકામ | ૩૧–૦૫–૨૦૨૧ | ૫૪૬૨૪૯/– | ૨૪૬૬૦૭/– | ૬૨૭૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૮ | ચૌહાણ ભરતરાવ દશરથરાવ | વહીવટી | ૩૦–૦૬–૨૦૨૧ | ૪૧૨૭૦૯/– | ૨૨૭૭૨૮/– | ૫૭૯૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૯ | નાયકા ગોવિંદ સાજનભાઈ | બાંધકામ | ૦૭–૧૨–૨૦૨૦ ( મરણ ) | ૯૭૯૬૩૧/– | ––––– | ૫૯૮૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૧૦ | કુંકણા ગુરીયાભાઈ બુધીયાભાઈ | આરોગ્ય | ૨૪–૧૨–૨૦૨૦ ( મરણ ) | ૫૩૪૮૬૦/– | ––––– | ૫૦૬૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૧૫ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૯</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના નિવૃત્ત કર્મચારીશ્રી સુરેશચંદ્ર જેકીશનદાસ રાણા, રહે.ઃ રાણા સ્ટ્રીટ, વલસાડની તેઓને કાનમાં સાંભળવાની તકલીફ થવાથી હિયરિંગ મશીન નંખાવેલ છે. જેનું રીએમ્બર્સમેન્ટ બીલ રૂા.૫૦,૦૦૦/–અંકે રૂા. પચાસ હજાર પુરા ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના નિવૃત્ત કર્મચારીશ્રી સુરેશચંદ્ર જેકીશનદાસ રાણા, રહે.ઃ રાણા સ્ટ્રીટ, વલસાડની સંદર્ભે હેઠળની અરજીમાં જણાવ્યા મુજબ તેઓને કાનમાં સાંભળવાની તકલીફ થવાથી હિયરિંગ મશીન નંખાવેલ છે. જેનું બીલ નં.–૨૩ તા.:૦૬–૦૮–૨૦૨૦ રિધ્ધિ–સિધ્ધી હિયરિંગ મશીન નંખાવેલ છે. જેનું બીલ નં.–૨૩ તા.:૦૬–૦૮–૨૦૨૦ રિધ્ધિ–સિધ્ધી હિયરિંગ એન્ડ સ્વીચ થેરાપી કલીનીક–વાપીનું આવેલ છે. નામદાર સરકારશ્રીના પરિવાર અને કલ્યાણ વિભાગના પરિપત્ર નં.–એલ.એ.જી./ ૧૦ / ૨૦૦૬ / ૨૯૧૨ /અ (પા.ફા.) તા.૨૪–૦૮–૨૦૧૫ થી ઠરાવ્યા મુજબ નિયમ ૨,૪,૨,૫,૧૪,૧ તથા ૧૪.૨ તથા હોસ્પિટલ અને રાજય સરકાર ધ્વારા માન્ય ( એજન્સી ) ન હોય તેવા મથક કે જિલ્લાની સરકારી હોસ્પિટલ સિવાયની એવી બીજી હોસ્પિટલ કે જે અધિકૃત ચિકિત્સકની જરૂરી અને યોગ્ય સારવાર પુરી પાડી શકે તેવા કિસ્સામાં સરકારી હોસ્પિટલમાં અધિકૃત ચિકિત્સકની પૂર્વ મંજુરી મેળવી સારવાર માટે થયેલ ખર્ચ માટે રાજય સરકાર ધ્વારા માન્ય પેકેજ મુજબ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થાય છે. અરજદારશ્રી ધ્વારા વલસાડ ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં પ્રતિસહી કરી મેડીકલ બીલ રજુ કરેલ છે. જે ધ્યાને લઈ સદરહુ બીલ રૂા.૫૦,૦૦૦/– અંકે પચાસ હજાર પુરા ચુકવવા અંગેની નિયમોનુસાર દરખાસ્ત મે.રીજયોનલ કમિશ્નરશ્રી – સુરતને સાદર કરી, મંજુરત મેળવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૩૧૬ / તા.:૦૪–૦૩–૨૦૨૧

——————————————————————————————————————————————

**કામ નં.–૧૦**

**વિષયઃ–** ટ્રાફિકને અડચણરૂપ દબાણો દુર થતા નગરપાલિકા દફતરેથી કમી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

**ઠરાવ.ઃ–**

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના ટેક્ષ કલેકશન વોર્ડ નં.–૯ ના વિસ્તારમાં આવેલ કલ્યાણ બાગ સામેની કેબીનો / દુકાનો જે ટ્રાફીકને અડચણરૂપ દબાણો હતા. જે દુર કરવામાં આવેલ છે. સદર દબાણ દુર થતા નગરપાલિકાના ટેક્ષ દફતરેથી સદર યાદી મુજબના અ.નં.–૧ થી ૫૯ મુજબના નામો રેકર્ડ ઉપરથી કમી કરવાના થાય છે. જેની યાદી અં.–૧ થી ૫૯, આ સાથે સામેલ છે. તેમજ દુર કરેલ દબાણ સાથેની યાદી દક્ષિણ ગુજરાત વીજ કંપની વલસાડને રજુ કરવા સબંધે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૩૧૭ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

——————————————————————————————————————————

<u>કામ નં.–૧૧</u>

<u>વિષયઃ–</u> નવીન નગર સેવા સદન ઉપર તા.:૧૩–૧૦–૨૦૨૦ થી તા.: ૧૭–૧૦–૨૦૨૦ સુધી જરૂરી લાઈટીંગ રોશની કરવાના કામે ઠેકેદારશ્રી રામગીર ડેકોરેટર્સ, વલસાડના વાર્ષિક મંજુર થયેલા ભાવે જરૂરી કામગીરી કરાવેલ.જે કરેલ કામગીરીનું આવેલ બીલનું રકમ રૂા. ૪૩,૭૧૬/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, દિવાળી –૨૦૨૦ ના પવિત્ર તહેવારમાં નવીન નગર સેવા સદન ઉપર તા.:૧૩–૧૦–૨૦૨૦ થી તા.: ૧૭–૧૦–૨૦૨૦ સુધી જરૂરી લાઈટીંગ રોશની કરવાના કામે ઠેકેદારશ્રી રામગીર ડેકોરેટર્સ, વલસાડના વાર્ષિક મંજુર થયેલા ભાવે લાઈટીંગ રોશની કામગીરી કરાવવામાં આવેલ છે.જે કરેલ કામગીરીનું આવેલ બીલની રકમ રૂા. ૪૩,૭૧૬/– અંકે રૂા.તેતાલીસ હજાર, સાતસો સોળ, પુરા ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.– ૩૧૮/ તા.:૦૪–૦૩–૨૦૨૧**

**––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––**

**<u>કામ નં.–૧૨</u>**

**<u>વિષય:–</u>વેરા શાખામાં ડિજિટલાઈજેશનને પ્રોત્સાહન કરવા નાણાં ઓનલાઈન જમા લેવા માટે QR Code ડેવલપ કરવામાં આવેલ છે. જે QR Code થી નાણાં જમા લેવા માટે SMS એલર્ટ સિસ્ટમ લિન્ક કરવાનું હોય છે. જેના માટે ઓફિસ કામ માટે SIM Card  Mobile Device ખરીદી સ્થાનિક બજારમાંથી કરેલ હોય જે અંગેનું એમ/એસ મોબાઈલ સેન્ટરનું આવેલ બીલ રૂા.૯૯૯૦/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકામાં વેરા વસુલાત શાખાના નાણાં જમા કરાવવામાં આવે છે. જે અંગે ઓનલાઈન નાણાં જમા કરાવવા માટે મિલકત વેરાને બેંક ખાતા સાથે લિન્ક કરવામાં આવેલ છે. વેરા શાખામાં ડિજિટલાઈજેશનને પ્રોત્સાહન કરવા નાણાં ઓનલાઈન જમા લેવા માટે QR Code ડેવલપ કરવામાં આવેલ છે. જે QR Code થી નાણાં જમા લેવા માટે SMS એલર્ટ સિસ્ટમ લિન્ક કરવાનું હોય છે. જેના માટે ઓફિસ કામ માટે SIM Card  Mobile Device ખરીદી સ્થાનિક બજારમાંથી કરેલ હોય જે અંગેનું એમ/એસ મોબાઈલ સેન્ટરનું આવેલ બીલ રૂા.૯૯૯૦/–અંકે રૂા.નવ હજાર,નવસો નેવું પુરા ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.– ૩૧૯ / તા.:૦૪– ૦૩–૨૦૨૧

———————————————————————————————————————————

કામ નં.–૧૩

વિષય:– વલસાડ નગરપાલિકા સંચાલિત રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત **SUH** ઘટક હેઠળ ચલાવવામાં આવતા કામચલાઉ આશ્રય સ્થાનમાં રહેતા લાભાર્થીઓ માટે રહેવા તેમજ સુવાની વ્યવસ્થા કરવા માટે ગાદલાંની વ્યવસ્થા કરવામાં આવેલ. જે અંગેનું ધનશ્યામ ડેકોરેટર્સ, ચીખલા,વલસાડનું આવેલ બીલ રૂા.૯૮૬૦૦/–મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, કોરોના (**COVID-19**) વૈશ્વિક મહામારીના કપરા સમયમાં વલસાડ વિસ્તારમાં રહેતા ઘરવિહોણા લોકો, ભિક્ષુકો,રોજનું કમાઈને રોજ ખાવાવાળા લોકો, લોકડાઉનને કારણે ફસાયેલ, તેમજ બીજા રાજયમાંથી રોજગારી અર્થે આવેલ અને પાછા ફરી ન શકેલ એવા લાભાર્થીઓને રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત **SUH** ઘટક હેઠળ ચલાવવામાં આવેલ કામચલાઉ આશ્રયસ્થાન કે જે તિથલરોડ પર આવેલ કુમાર છાત્રાલયમાં બનાવવામાં આવેલ છે જેમાં આશરે ૧૩૦ જેટલાં લાભાર્થીઓને રાખવામાં આવેલ છે. જેમને રહેવાની, સુવાની તેમજ જીવન જરૂરીયાતની વસ્તુઓ ઉપરાંત સવારનો નાસ્તો ચા બપોરનું અને રાતનું જમવાનું સેવા મિત્ર મંડળ અને જલારામ અન્નક્ષેત્ર જેવી સામાજીક સંસ્થાઓ ધ્વારા આપવામાં આવતું હતું ત્યારબાદ વલસાડ નગરપાલિકા ધ્વારા લાભાર્થીઓને જમવાની અને ચા નાસ્તાની સુવિધા કરવામાં આવેલ છે તેમજ એમને સુવા માટે ગાદલાંની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેની વ્યવસ્થા શૈલેષકુમાર મગનભાઈ પટેલ,ધનશ્યામ ડેકોરેટર્સ, મુ.ચીખલા,વલસાડ પાસે કરાવવામાં આવેલ. જેનું આવેલ બીલ રૂા.૯૮,૬૦૦/–અંકે રૂા.અઠ્ઠાણું હજાર,છસો પુરાનું મંજુર કરવાના આવેલ કામે જરૂરી ચકાસણી કરીને આગામી કમીટીમાં રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૩૨૦ / તા.:૦૪–૦૩–૨૦૨૧

———————————————————————————————————————————

<u>કામ નં.–૧૪</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા સંચાલિત રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત **SUH** ઘટક હેઠળ ચલાવવામાં આવતા કામચલાઉ આશ્રય સ્થાનમાં રહેતા લાભાર્થીઓ માટે રહેવા તેમજ જમવા માટે મંડપની વ્યવસ્થા કરવામાં આવેલ. જે અંગેનું સાગર મંડપ ડેકોરેશન, વલસાડના જુદા જુદા આવેલ બીલો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, કોરોના (**COVID-19**) વૈશ્વિક મહામારીના કપરા સમયમાં વલસાડ વિસ્તારમાં રહેતા ઘરવિહોણા લોકો, ભિક્ષુકો,રોજનું કમાઈને રોજ ખાવાવાળા લોકો, લોકડાઉનને કારણે ફસાયેલ, તેમજ બીજા રાજયમાંથી રોજગારી અર્થે આવેલ અને પાછા ફરી ન શકેલ એવા લાભાર્થીઓને રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત **SUH** ઘટક હેઠળ ચલાવવામાં આવેલ કામચલાઉ આશ્રયસ્થાન કે જે તિથલરોડ પર આવેલ કુમાર છાત્રાલયમાં બનાવવામાં આવેલ છે જેમાં આશરે ૧૩૦ જેટલાં લાભાર્થીઓને રાખવામાં આવેલ છે. જેમને રહેવાની, સુવાની તેમજ જીવન જરૂરીયાતની વસ્તુઓ ઉપરાંત સવારનો નાસ્તો ચા બપોરના અને રાતના જમવાની વ્યવસ્થા વલસાડ નગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ હતી જેના માટે મંડપની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેની વ્યવસ્થા સાગર મંડપ ડેકોરેશન, રાખોડીયા તળાવ, ગાયત્રી મંદીર સામે,વલસાડના નીચે જણાવ્યા મુજબના જુદા જુદા આવેલ બીલો મંજુર કરવાના આવેલ કામે જરૂરી ચકાસણી કરીને આગામી કમીટીમાં રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | બીલ નં. / તારીખ. | બીલની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | ૫૦૩ / ૩૦/૦૫/ ૨૦૨૦ | ૯૬૦૦૦/– |
| ૨ | ૫૦૪ / ૦૪/૦૬/ ૨૦૨૦ | ૮૦૦૦૦/– |
| ૩ | ૫૦૫ / ૦૪/૦૬/ ૨૦૨૦ | ૮૦૦૦૦/– |
| ૪ | ૫૦૬ / ૦૨/૦૬/ ૨૦૨૦ | ૮૦૦૦૦/– |

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.– ૩૨૧ / તા.: ૦૪–૦૩–૨૦૨૧**

**–––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––**

**<u>કામ નં.–૧૫</u>**

**<u>વિષયઃ–</u> ના.ગુજરાત હાઈકોર્ટના SCA NO.11136 / 2015 ના ઓરલ જજમેન્ટ તા.ઃ૨૨/૧૦/૨૦૧૮ બાબતે ( એલ.સી.વી ૨૦૦૧ /૧૯૯૦ ના હુકમ તા.ઃ૦૬/૧૨/૨૦૦૩) બાબતનું આવેલ કામ..**

**<u>ઠરાવ.ઃ–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, મે. વલસાડ ખાતેના મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી એમ.એલ. શેખ સાહેબ સમક્ષ ફરી ફાઈલ અરજી નંબર.ઃ૩૬ / ૨૦૦૯ થી દાખલ કરવામાં આવેલ જે તા.ઃ ૦૬/૧૨/૨૦૧૪ થી અરજી નામંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ અમદાવાદ સમક્ષ ના. ગુજરાત હાઈકોર્ટના SCA NO.11136 / 2015 થી અત્રે કચેરી ધ્વારા સદરહુ હુકમ સામે પીટીશન દાખલ કરવામાં આવેલ. જેનો ઓરલ જજમેંટ તા.ઃ૨૨/૧૦/૨૦૧૮ થી આવેલ છે. સદરહું બાબતે સત્વરે જરૂરી નિર્ણય અર્થે સરકારશ્રીની સ્થાયી સુચનાઓ મુજબ ઉપલી કોર્ટમાં અપીલ દાખલ કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.– ૩૨૨ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

**કામ નં.–૧૬**

**વિષયઃ–** કલ્યાણ બાગ સામે, આવેલ પાર્કીગ પ્લોટમાં પે એન્ડ પાર્કની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે. જેમાં પે એન્ડ પાર્કની કામગીરી કરતાં બે બહેનોના પગારની ચુકવણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

**ઠરાવ.:–**

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, કલ્યાણ બાગ સામે, આવેલ પાર્કીગ પ્લોટમાં પે એન્ડ પાર્કની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે. જેમાં પે એન્ડ પાર્કની કામગીરી નવયુવતી સખી મંડળ, વલસાડ તરફથી (૧) ચંદાબેન ખાલપભાઈ પટેલ (૨) મિનલબેન રણજીતભાઈ પટેલ, સદરહુ કામે બંને બહેનો કે જેઓ પે એન્ડ પાર્કની કામગીરી કરતાં આવેલ છે.જેઓનું પગારના રૂા.૬૦૦૦/–ચુકવણું કરવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં સદરહું પાર્કીગ પ્લોટમાં પે એન્ડ પાર્કની કામગીરીનો ઈજારો અપસેટ કિંમત નકકી કરી, ઓકશન કરીને, ઈજારો આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરી, આગામી કમીટીમાં રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૨૩ / તા.:૦૪–૦૩–૨૦૨૧

———————————————————————————————————————————————————

કામ નં.–૧૭

વિષયઃ– નગરપાલિકાના મિલકતવેરામાં ૧૦% નો વધારો કરવા બાબતનું આવેલ કામે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ગુજરાત મ્યુનિ.ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.–મફબ / યુ–૨ / ૧૫ મું નાણાંપંચ / ૨૦૨૧ / ૩૫૨૦તા.:૧૬–૦૨–૨૦૨૧ના પત્રમાં જણાવ્યા મુજબ, કેન્દ્ર પુરસ્કૃત ૧૫માં નાણાપંચની યોજના હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩ ની બીજા હપ્તાની ગ્રાંટ મેળવવા માટે વર્ષ ૨૦૧૯ –૨૦ ની સામે ૨૦૨૦–૨૧ ના વર્ષમાં પ્રોપર્ટી ટેક્ષની આવક પ્રમાણે વધારો કરવાપાત્ર થાય છે. વધુમાં ૨૦૨૨–૨૩ થી ગ્રાંટની ચુકવણી માટે રાજયના GSDP ( Gross State Domestic Product ) વર્ષ ૨૦૧૯–૨૦ની સાથે ૨૦૨૦–૨૧ માં થયેલ વધારા મુજબ સને ૨૦૨૦–૨૧ ના વર્ષથી પ્રોપર્ટી ટેક્ષમાં ૧૦% વધારો કરવાનું સુચન કરવામાં આવેલ છે. તેથી વર્ષ ૨૦૧૯–૨૦ ની સાથે વર્ષ ૨૦૨૦–૨૧ ના વર્ષમાં પ્રોપર્ટી ટેક્ષની આવકમાં ૧૦% વધારો થશે તો જ ૧૫ માં નાણાંપંચની ગ્રાંટની ફાળવણી કરવામાં આવશે. જે વધારો કરવા અંગે નિયમોનુસારની કાર્યવાહી સીધાવેરા શાખામાંથી કરાવવા જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૨૪ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૧૮</u>

<u>વિષયઃ–</u> ના.ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ, એસ.સી.એ.નં.૧૧૧૩૬ / ૨૦૧૫ ના ઓર્ડર સામે એલપીએ દાખલ કરવા અંગેના એડવોકેટશ્રીની કોર્ટ કેસ અંગેની ફી બાબતનું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર ગુજરાત હાઈ કોર્ટ, અમદાવાદ, એસ.સી.એ.નં.૧૧૧૩૬ / ૨૦૧૫ નો ઓરલ ઓર્ડર થયેલ છે. સદર ઓર્ડરની સામે નગરપાલિકા તરફે હાજર રહી, એલ.પી.એ. દાખલ કરવા સંબંધેની કામગીરી એડવોકેટશ્રી યોગી કે.ગઢીયા,અમદાવાદને સોંપવામાં આવેલ હતી. સદરહુ કેસની પ્રોફેશનલ ફી, ઝેરોક્ષ, પોસ્ટેજ અને અન્ય સંલગ્ન કામગીરી વિગેરે માટે કરેલ કાર્યવાહી અંગેનું એડવોકેટશ્રીની ફી અંગેનું બીલનં.વાય.કે.જી/૭૦/૨૦–૨૧ તા.:૦૧/૦૨/૨૦૨૧ રકમ રૂા.૮૯,૫૦૦/– અંકેરૂા.નેવ્યાંશી હજાર,પાંચસો પુરાનું બીલ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં.– ૩૨૫ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

**<u>કામ નં.–૧૯</u>**

**<u>વિષયઃ–</u> ના.ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ, એલ.પી.એ.નં.૧૦૫૬ / ૨૦૧૯ ગુજરાત મજદુર સભા વિરુધ્ધ વલસાડ નગરપાલિકાના કેસ બાબતના એડવોકેટશ્રીની કોર્ટ કેસ અંગેની ફી બાબતનું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,નામદાર ગુજરાત હાઈ કોર્ટ, અમદાવાદ, એલ.પી.એ.નં.૧૦૫૬ / ૨૦૧૯ ગુજરાત મજદુર સભા વિરુધ્ધ વલસાડ નગરપાલિકાના કેસ દાખલ કરવામાં આવેલ છે. સદરહું કેસ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલ છે. સદર કોર્ટ કેસમાં નગરપાલિકા તરફે હાજર રહી, કોર્ટ કેસ સબંધેની કામગીરી એડવોકેટશ્રી યોગી કે.ગઢીયા, અમદાવાદને સોંપવામાં આવેલ હતી. સદરહુ કેસની પ્રોફેશનલ ફી, ઝેરોક્ષ, પોસ્ટેજ અને અન્ય સંલગ્ન કામગીરી વિગેરે માટે કરેલ કાર્યવાહી અંગેનું એડવોકેટશ્રીની ફી અંગેનું બીલ નં. વાય.કે.જી / ૭૧ / ૨૦–૨૧ તા.: ૦૧/૦૨/૨૦૨૧ રકમ રૂા.૨૯,૫૦૦/– અંકે રૂા.ઓગણત્રીસ હજાર,પાંચસો પુરાનું બીલ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.– ૩૨૬ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૨૦</u>

<u>વિષયઃ–</u> ના.ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ, સીવીલ એપ્લીકેશન નં.૦૧ / ૨૦૨૦ વલસાડ નગરપાલિકાના કેસ વિરુધ્ધ ગુજરાત મજદુર સભા કેસ બાબતના એડવોકેટશ્રીની કોર્ટ કેસ અંગેની ફી બાબતનું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર ગુજરાત હાઈ કોર્ટ, અમદાવાદમાં સીવીલ એપ્લીકેશન નં.૦૧ / ૨૦૨૦ ગુજરાત મજદુર સભા વિરુધ્ધ વલસાડ નગરપાલિકાના કેસ દાખલ કરવામાં આવેલ છે. સદરહું કેસ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલ છે. સદર કોર્ટ કેસમાં નગરપાલિકા તરફે સીનીયર એડવોકેટશ્રી તરીકે હાજર રહી, કોર્ટ કેસ સબંધેની કામગીરી એડવોકેટશ્રી મીતુલ સેલત,અમદાવાદને સોંપવામાં આવેલ હતી. સદરહુ કેસની પ્રોફેશનલ ફી, અને અન્ય સંલગ્ન કામગીરી વિગેરે માટે કરેલ કાર્યવાહી અંગેનું એડવોકેટશ્રીની કોર્ટ કેસ અંગેની ફી બીલ નં. ૭૫ / તા.: ૦૨/૦૨/૨૦૨૧ રકમ રૂા.૫૫,૦૦૦/– અંકે રૂા.પંચાવન હજાર પુરાનું બીલ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૨૭ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૨૧</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ એમ.એસ.ટ્રીબ્યુનલ સ્ટ્રીટ લાઈટના ઈલેકટ્રીક પોલને કલર કામ કરવાના આવેલ ભાવ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં બેચર રોડ, માનસી પેટ્રોલ પંપ થી ધરમપુર ચોકડી સુધી રસ્તાની મધ્યમાં તેમજ જુદી જુદી જગ્યા ઉપર નગરપાલિકા એમ.એસ.ટ્રીબ્યુનલ સ્ટ્રીટ લાઈટના ઈલેકટ્રીક પોલ મુકી શહેરીજનોને સ્ટ્રીટલાઈટની સુવિધા આપવામાં આવેલ. સદરહું સ્ટ્રીટ લાઈટના પોલ ખુબજ જુના હોવાથી સદરહું પોલની ઉપર કલર કામ કરવાથી સદરહુ પોલની લાઈફ વધી જવાની શકયતા રહેલ છે. સદરહું સ્ટ્રીટલાઈટના ઈલેકટ્રીક પોલને ઘસીને / ઘસાઈ કરીને સીલ્વર કલર કરાવવામાં આવે તો શહેરની સુંદરતામાં વધારો થાય એમ છે. અને હાલે દિવાળીના પવિત્ર તહેવારો નજીકમાં હોય, જેથી સદરહું સ્ટ્રીટલાઈટના ઈલેકટ્રીક પોલોને કલર કરવાની કામગીરી કરાવવા માટે વલસાડના સ્થાનિક બજારમાંથી કુલ–૦૩ વેપારીઓના ભાવો મંગાવવામાં આવેલ છે. સદરહું આવેલ ભાવપત્રકો ચીફ ઓફીસરશ્રીની રૂબરૂમાં ખુલ્લા કરવામાં આવેલ છે. ખુલ્લા કરવામાં આવેલ ભાવપત્રકનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે એમ.એસ.ટ્રીબ્યુનલ સ્ટ્રીટ લાઈટના ઈલેકટ્રીક પોલ પરથી જુનો કલર ઘસીને/ ઘસાઈ કરીને ૦૧ કોટ રેડઓકક્ષાઈડ પ્રાયમર અને ૦૨ કોટ સિલ્વર કલર કરવાનું કામ (૦૧ પોલનો ભાવ ) બીના પી.દેસાઈ, ખડકી ભાગડા, વલસાડનો રૂા. ૯૯૦/–સૌથી ઓછો આવેલ હોય, સદરહુ ઓછો આવેલ ભાવ મંજુર કરી, મંજુર થયેલ ભાવે સદરહુ એજન્સી પાસેથી કામની અગત્યતાને લઈને તાકીદે કામગીરી કરાવેલ. જે કરાવેલ કામગીરીને બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૩૨૮ / તા.:૦૪–૦૩–૨૦૨૧**

---

**<u>કામ નં.–૨૨</u>**

**<u>વિષય:–</u> નિવૃત કર્મચારીશ્રી નટવર કે. પટેલને ગ્રેજયુઈટી તફાવતની રકમ રૂા.૭૩૦૭૬/– ચુકવવા અંગેજરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા– વલસાડના ઓકટ્રોઈ શાખામાં ફરજ બજાવતાં કર્મચારીશ્રી નટવર કે. પટેલ, તા.:૩૧/૦૮/૨૦૨૦ ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત્ત થયેલ હતાં. તેઓને કા.સ.ઠ.નં.–૫૧ / તા.: ૧૮–૦૭–૨૦૨૦ થી પેન્શન,ગ્રેજયુઈટી, હકક રજા મંજુર કરવામાં આવેલ હતા. તેઓની નિમણુંક જ.બો.ઠ.નં.–૪૨૬ / તા.:૩૧–૦૭–૧૯૯૩ થી તા.: ૦૧–૦૧–૧૯૮૬ થી પટાવાળા તરીકે તથા જ.બો.ઠ.નં. ૦૪ / તા.:૩૧–૦૭–૧૯૯૬ થી કલાર્ક તરીકે બઢતી આપવામાં આવેલ હતી. આથી તેઓની સર્વિસ દરમ્યાન કુલ–૩૪ વર્ષની ગણતરી કરવાની થાય છે. તેઓને શરતચુકથી પેન્શન ગણતરીમાં ૨૯ વર્ષ ઘ્યાને લઈ પેન્શન કેસ મંજુર કરવામાં આવેલ છે. પરંતુ તેઓની મૂળ નિમણુંક તા.:૦૧–૦૧–૧૯૮૬ હોયકુલ નોકરી વધુમાં વધુ ૩૩ વર્ષ પ્રમાણે ગણતરી કરવાની થાય છે. તો તેઓને પુનઃગણતરી કરવા નીચે મુજબનો તફાવતની રકમ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અનું.નં. | વિગત | ચુકવવાપાત્ર રકમ રૂા. | ચુકવેલ રકમ રૂા. | તફાવતની રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ગ્રેજયુઈટી, | ૬૦૨૮૭૭/– | ૫૨૯૮૦૧/– | ૭૩૦૭૬/– |

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૨૯ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૨૩</u>

<u>વિષયઃ–</u> તા.: ૦૧/૦૩/૨૦૨૧ ના રોજ મળેલ શાળા કમીટીમાં ઠરાવ્યા મુજબ હાલમાં વ.ન.પા. તરફથી જાણવા મળેલ છે કે બીજી બધી સરકારશ્રીના વિભાગ ધ્વારા ચાલતી કચેરી ધ્વારા શાળાના બિલ્ડીંગની જગ્યાની માંગણીઓ કરવામાં આવી રહેલ છે તો તે જગ્યા ફાળવણી કરવા બાબતે નિર્ણય કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

તા.: ૦૧/૦૩/૨૦૨૧ ના રોજ મળેલ શાળા કમીટીની ભલામણ મુજબ, શાળાનું બિલ્ડીંગ સરકારશ્રીના વિભાગ ધ્વારા ચાલતી કચેરી કે વિભાગોને આ શાળાના બિલ્ડીંગની જગ્યા કે બિલ્ડીંગ જે માંગણી કરવામાં આવેલ છે જેને આજ રોજ મળેલ શાળા સમિતિની મીટીંગમાં નિર્ણય લેવામાં આવેલ છે કે આ બિલ્ડીંગ કે શાળાનો ભાગ યાને કોઈ સરકારશ્રીના વિભાગને ભાડા પર આપવું જોઈએ નહીં તેવો નિર્ણય કરવામાં આવલે છે. જે ઉપરોકત જણાવેલ હકીકતોથી વિદિત થતાં શાળાના બિલ્ડીંગની જગ્યા કે શાળાનો કોઈ ભાગ સરકારશ્રીના કોઈપણ વિભાગને ભાડા પર કે અન્ય કોઈપણ પ્રકારે ન આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૩૦ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૨૪</u>

<u>વિષયઃ–</u> તા.: ૦૧/૦૩/૨૦૨૧ ના રોજ મળેલ શાળા કમીટીમાં ઠરાવ્યા મુજબ આગામી નવા સત્રની જુન–૨૦૨૧ થી શૈક્ષણીક સત્રની શરૂઆત થઈ રહેલ છે ત્યારે વ.ન.પા.ની સામાન્ય સભામાં થતી ચર્ચા મુજબ અંગ્રેજી માધ્યમ ચાલુ કરવા બાબતે તથા અંગ્રેજી માધ્યમ ચાલુ કરવા જો કોઈ સંસ્થા કે એન.જી.ઓ સાથે સરકારશ્રીના નિયમ મુજબ ભાગીદારીમાં અંગ્રેજી માધ્યમ ચાલુ કરવા બાબતે નિર્ણય કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

તા.: ૦૧/૦૩/૨૦૨૧ ના રોજ મળેલ શાળા કમીટીની ભલામણ મુજબ, આગામી નવા સત્રની જુન–૨૦૨૧ થી શૈક્ષણીક સત્રની શરૂઆત થઈ રહેલ છે ત્યારે વ.ન.પા.ની સામાન્ય સભામાં થતી ચર્ચા મુજબ અંગ્રેજી માધ્યમ ચાલુ કરવા બાબતે તથા અંગ્રેજી માધ્યમ ચાલુ કરવા જો કોઈ સંસ્થા કે એન.જી.ઓ સાથે સરકારશ્રીના નિયમ મુજબ ભાગીદારીમાં અંગ્રેજી માધ્યમ ચાલુ કરવા બાબતેના આવેલ કામે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબની જરૂરી આગળની પોલીસી / નીતી નકકી કરી આગામી કમીટીમાં રજુ કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) શાળા નગરપાલિકા હસ્તકે જ રહે.
૨) નગરપાલિકા લેવલે પહેલાં ટ્રસ્ટની રચના કરવી.
૩) હોદ્દાની રૂએ પદાધિકારીશ્રીઓની નિમણુંક કરવાની રેહેશે જેવાં કે...
 –પ્રમુખશ્રી,વલસાડ નગરપાલિકા.
 –ચેરમેનશ્રી–કારોબારી સમિતિ,વલસાડ નગરપાલિકા.
 –ચેરમેનશ્રી–શૈક્ષણિક સમિતિ,વલસાડ નગરપાલિકા.
 – ચીફ ઓફીસરશ્રી–વલસાડ નગરપાલિકા.
 – આચાર્યશ્રી,ડી.એમ.ડી.જી.મ્યુનિ.હાઈસ્કુલ,વલસાડ.–સભ્ય.
 – મુળ દાતાશ્રી હોય તેઓના પ્રતિનિધિ.
૪) સરકારશ્રીની મંજુરી મેળવીને કાર્યવાહી કરવી.
૫) ગુજરાતી મીડીયમમાં ભણતા વિધાર્થીઓને આપણી શાળામાં સમાવેશ કરીને જ આપવાની રહેશે.
 ગુજરાતી સ્કુલ તો ચલાવવાની જ રહેશે.
૬) સ્કુલ મેનેજમેન્ટ માટે પોલીસી નકકી કરવી.
૭) એજયુકેટેડ સ્કુલ સારી બ્રાન્ડની નગરપાલિકા જ ચલાવી શકાય એવું આયોજન કરવું.
૮) એનજીઓ–પ્રાઈવેટ સંસ્થા લે તો સ્કુલ શરૂ કરી શકાય.
૯) કન્સ્ટ્રકશન એરીયા વિગેરે નકકી કરવાં.
૧૦) પેપરમાં જાહેરાત આપીને કાર્યવાહી કરવી.
૧૧) પ્રપોઝલ / ઓફર મંગાવીને આપવી.
 કારોબારી –જનરલ બોર્ડમાં રજુ કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવી.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૩૧ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૨૫</u>

<u>વિષય:–</u>વો.વ.ક.ઠ.નં.૧૩૪ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ સને વર્ષ ૨૦૨૦–૨૧ માટે ખાલી કલોરીન સિલિન્ડર ૧૦૦ કે.જી.ની કેપેસીટીવાળા તથા કલોરીનેટર સપ્લાય કરવા અંગે ઈ–ટેન્ડરીંગ થી ટેન્ડર મંગાવેલ જે આવેલ ભાવો મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.:</u>

વો.વ.ક.ઠ.નં.૧૩૪ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ  વલસાડ નગરપાલિકા વારિગૃહ  હેડ વર્કસ ખાતે વર્ષ ૨૦૨૦–૨૧ માટે ખાલી કલોરીન સિલિન્ડર ૧૦૦ કે.જી. ની કેપેસીટીવાળા તથા કલોરીનેટર સપ્લાય કરવા અંગેના કામ માટે ભાવો મંજુર કરવા અંગે  માહિતી ખાતા મારફત દૈનિક પેપર સંદેશ–સુરત આવૃતિમાં તારીખ ૦૪ / ૦૬ /૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ કરાવેલ જેની એનપ્યોકયોરની  વેબ સાઈડ ઉપર ટેન્ડર ડોકયુમેન્ટ અપલોડ કરવામાં આવેલ છે. જેમાં મુદત દરમ્યાન એક ટેન્ડર આવેલ જેથી સિંગલ ટેન્ડર હોવાથી ટેન્ડર ઓપન કરેલ નહીં. જેથી સદર ટેન્ડરના ડોકયુમેન્ટ પરત કરેલ છે. ત્યારબાદ સદર કામ અંગે માહિતી ખાતા મારફતે બીજા પ્રયત્નથી ટેન્ડર જાહેરાત આપવામાં આવતા સમય મર્યાદામાં ૩ ટેન્ડર આવેલ સદર ટેન્ડરોના ડોકયુમેન્ટ ચકાસણી કરતાં ત્રણેય ટેન્ડર કવોલિફાઈડ થયેલ. સદર ટેન્ડરો તારીખ ૧૧ / ૧૧ /૨૦૨૦ ના રોજ ઈ–ટેન્ડરો ઓપન કરેલ છે. જેનું એનપ્યોકયોરની વેબ સાઈડ ઉપરથી ટેન્ડર રિપોર્ટ રજૂ કરેલ છે. જેમાં ત્રણેય ટેન્ડરો પૈકી હિતેશ ઈલેકટ્રિકલ, ભરૂચના ભાવો જેમાં ટેન્ડર સિરિયલ નંબર ૧ માં દર્શાવેલ ખાલી કલોરીન સિલિન્ડર ૧૦૦ કે.જી.ની કેપેસીટીવાળા / સી.સી.ઈ. નાગપુર ટેસ્ટિંગ સર્ટિફિકેટ સાથે સપ્લાય કરવા અંગેના ભાવ રૂપિયા, ૨૧૦૦૦/– નીચા આવેલ છે. તેમજ ટેન્ડર સિરિયલ નંબર બે માં દર્શાવેલ ગ્રેવિટી ટાઈપ કલોરીનેટર પ્લાન્ટ ૦.૫ કે.જી. / કલાકની કેપેસીટી જેના ભાવ સદર ટેન્ડરરો પૈકી દિવ્યા એજન્સી, વડોદરાના રૂપિયા ૨૪,૮૫૦/–નીચા આવેલ છે. જે નીચા આવેલ ભાવો મંજુર કરવાનું  તેમજ ૧૦૦ **K.G.** ના કેપેસીટીવાળા કલોરીન સિલિન્ડર આખા વર્ષમાં કેટલાં વપરાય તેની માહિતી જોવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૩૨ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૨૬</u>

<u>વિષય:–</u>વો.વ.ક.ઠ.નં.૧૩૫ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ સને વર્ષ ૨૦૨૦–૨૧ માટે વારીગૃહ હેડ વર્કસ ખાતેથી ૧૦૦ ૧૦૦ કે.જી.ના ખાલી કલોરીન સિલિન્ડર લઈ જઈ કલોરીન ગેસ રીફિલીંગ કરી ફરી અબ્રામા ખાતે સપ્લાય કરવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.:</u>

વો.વ.ક.ઠ.નં.૧૩૫ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા વારિગૃહ હેડ વર્કસ ખાતે વર્ષ ૨૦૨૦–૨૧ માટે વારિગૃહ હેડ વર્કસ ખાતેથી ૧૦૦ કે.જી.ના ખાલી કલોરીન સિલિન્ડર લઈ જઈ ગેસ રીફીલીંગ કરી ફરી અબ્રામા ખાતે સપ્લાય કરવા અંગેના ભાવ મંજુર કરવા અંગે માહિતી ખાતા મારફત દૈનિક પેપર સંદેશ – સુરત આવૃતિમાં તારીખ ૦૪/૦૬/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધિ કરાવેલ જેની એનપ્યોકયોરની વેબસાઈડ ઉપર ટેન્ડર ડોકયુમેન્ટ અપલોડ કરવામાં આવેલ છે. જેમાં મુદત દરમ્યાન એકપણ ટેન્ડર આવેલ નહિ.ત્યારબાદ સદર કામ અંગે માહિતી ખાતા મારફતે બીજા પ્રયત્નથી ટેન્ડર જાહેરાત આપવામાં આવતા સમય મર્યાદામાં ૩ ટેન્ડર આવેલ સદર ટેન્ડરોના ડોકયુમેન્ટ ચકાસણી કરતાં ત્રણેય ટેન્ડર કવોલિફાઈડ થયેલ. સદર ટેન્ડરો તારીખ ૧૧ /૧૧/૨૦૨૦ ના રોજ ઈ–ટેન્ડરો ઓપન કરેલ છે. જેનું એનપ્યોકયોરની વેબ સાઈડ ઉપરથી ટેન્ડર રિપોર્ટ રજૂ કરેલ છે. જેમાં ત્રણેય ટેન્ડરો પૈકી હિતેશ ઈલેકટ્રિકલ, ભરૂચના ભાવો રૂપિયા ૨૮૦૦/– નીચા આવેલ છે. જે નીચા આવેલ ભાવો મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૩૩ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૨૭</u>

<u>વિષય:–</u> વો.વ.ક.ઠ.નં.૧૩૬/ તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ વારીગૃહ હેડ વર્કસ ખાતે પાણીના શુધ્ધિકરણ માટે ૧૨" / ૩૨" ફિલ્ટર બેડની રેતી સપ્લાય કરવા અંગેના કામ માટે ભાવો મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.:</u>

વો.વ.ક.ઠ.નં.૧૩૬ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા વારિગૃહ હેડ વર્કસ ખાતે પાણીના શુધ્ધિકરણ માટે૧૨" / ૩૨" ફિલ્ટર બેડની રેતી સપ્લાય કરવા અંગેના કામ માટે ભાવો મંજુર કરવા અંગે માહિતી ખાતા મારફત દૈનિક પેપર સંદેશ– સુરત આવૃતિમાં તારીખ ૦૪/૦૬/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધિ કરાવેલ જેની એનપ્યોકયોરની વેબસાઈડ ઉપર ટેન્ડર ડોકયુમેન્ટ અપલોડ કરવામાં આવેલ છે. જેમાં મુદત દરમ્યાન એક ટેન્ડર આવેલ જેથી સિંગલ ટેન્ડર હોવાથી ટેન્ડર ઓપન કરેલ નહીં. જેથી સદર ટેન્ડરના ડોકયુમેન્ટ પરત કરેલ છે. ત્યારબાદ સદર કામ અંગે માહિતી ખાતા મારફતે બીજા પ્રયત્નથી ટેન્ડર જાહેરાત આપવામાં આવતા સમય મર્યાદામાં બે ટેન્ડર આવેલ સદર ટેન્ડરોના ડોકયુમેન્ટ ચકાસણી કરતાં બંને ટેન્ડર કવોલિફાઈડ થયેલ. સદર ટેન્ડરો તારીખ ૧૧ /૧૧/૨૦૨૦ ના રોજ ઈ–ટેન્ડરો ઓપન કરેલ છે. જેનું એનપ્યોકયોરની વેબ સાઈડ ઉપરથી ટેન્ડર રિપોર્ટ રજૂ કરેલ છે. જેમાં બંને ટેન્ડરો પૈકી એકલિંગજી કન્સ્ટ્રકશન, વાપીના ભાવો રૂપિયા ૩૨,૯૦૦/– (૧૦ મેટ્રિક ટનના )નીચા આવેલ છે.જે નીચા આવેલ ભાવો મંજુર કરવાના કામે, ચર્ચા વિચારણાને અંતે સદરહું કામગીરીનો મેન્ટેનન્સ ખર્ચ, પી.વી.સી.ની જગ્યાએ એસ.એસ.ની લાઈન ટેન્ડરમાં શું છે. તે જોવી અને ડીપાર્ટમેન્ટ લેવલે ચકાસણી કરીને જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૩૪ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૨૮</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ.નં.૧૩૭ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ કલ્યાણ બાગ થી તિથલ રોડ ઈ.એસ.આર. સુધી પીવાનું પાણી પહોંચાડવા માટે કલ્યાણ બાગ સંપ પર ૪૦ એચ.પી.ની મોટર સપ્લાય કરવા ( ઈરેકશન સાથે ) અંગેના કામ માટે ભાવો મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.:</u>

વો.વ.ક.ઠ.નં.૧૩૭ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા કલ્યાણ બાગ થી તિથલ રોડ ઈ.એસ.આર. સુધી પીવાનું પાણી પહોંચાડવા માટે કલ્યાણ બાગ સંપ પર ૪૦ એચ.પી.નીમોટર સપ્લાય કરવા (ઈરેકશન સાથે ) અંગેના કામ માટે ભાવો મંજુર કરવા અંગે માહિતી ખાતા મારફત દૈનિક પેપર સંદેશ– સુરત આવૃતિમાં તારીખ ૦૪/૦૬/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધિ કરાવેલ જેની એનપ્યોકયોરની વેબસાઈડ ઉપર ટેન્ડર ડોકયુમેન્ટ અપલોડ કરવામાં આવેલ છે. જેમાં મુદત દરમ્યાન બે ટેન્ડર આવેલ.જેના ડોકયુમેન્ટ ચકાસણી કરતાં એક ટેન્ડરર ડિસ્કોલિફાઈડ થતાં એકજ સિંગલ ટેન્ડર રહેલ જેથી ટેન્ડર ઓપન કરેલ નહીં. જેથી સદર ટેન્ડરના ડોકયુમેન્ટ પરત કરેલ છે. ત્યારબાદ સદર કામ અંગે માહિતી ખાતા મારફતે બીજા પ્રયત્નથી ટેન્ડર જાહેરાત આપવામાં આવતા સમય મર્યાદામાં ત્રણ ટેન્ડર આવેલ સદર ટેન્ડરોના ડોકયુમેન્ટ ચકાસણી કરતાં બે ટેન્ડરર ડિસ્કોલિફાઈડ થયેલ. સદર ટેન્ડરો પૈકી શ્રી ઉમિયા એકવા એન્જિનિયર, અમદાવાદ, કવોલિફાઈડ થયેલ. સદર ટેન્ડરનો બીજો પ્રયત્નો હોવાથી સદર ટેન્ડર તારીખ ૧૧ /૧૧/૨૦૨૦ ના રોજ ઈ–ટેન્ડરો ઓપન કરેલ છે. જેનું એનપ્યોકયોરની વેબ સાઈડ ઉપરથી ટેન્ડર રિપોર્ટ રજૂ કરેલ છે.સદર ટેન્ડરના ભાવો ટેન્ડર કિંમત રૂપિયા ૧૩,૭૩,૦૦૦/–કરતા ૧૨.૫૦% ઉંચા રૂપિયા ૧૫,૪૪,૬૨૫/– આવેલ છે.સદર કામ બાબતે સપ્લાયરશ્રી ધ્વારા નગરપાલિકા આ.નં.૫૧૮૨ / તા.:૧૭/૦૨/૨૦૨૧ થી સદર ભાવ બાબતે નેગોશીયેશન કરવા અંગેનો પત્ર આપેલ જેમાં તેમના તરફથી ભરેલ ટેન્ડર કિંમત કરતાં ૯.૯૦% ઉંચા રૂા.૧૫,૦૮,૯૨૭/– ભાવે કરવા લેખિત સંમતિ આપેલ છે. જે આવેલ સંમતિ મુજબ આવેલ ભાવો મંજુર કરી, કામગીરી કરાવવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૩૫ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૨૯</u>

<u>વિષય:–</u> વો.વ.ક.ઠ.નં.૧૩૮ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નવા બોરીંગ કરવા અંગેના ભાવો મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.:</u>

વો.વ.ક.ઠ.નં.૧૩૮ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નવા બોરિંગ કરવા અંગેના ભાવો મંજુર કરવા અંગે માહિતી ખાતા મારફત દૈનિક પેપર સંદેશ– સુરત આવૃતિમાં તારીખ ૦૪/૦૬/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધિ કરાવેલ જેની એનપ્યોકયોરની વેબસાઈડ ઉપર ટેન્ડર ડોકયુમેન્ટ અપલોડ કરવામાં આવેલ છે. જેમાં મુદત દરમ્યાન ફકત એક જ ટેન્ડર આવેલ. સદરહું ટેન્ડર સિંગલ તેમજ પ્રથમ પ્રયત્ન હોવાથી સદરહું ટેન્ડર કોન્ટ્રાકટરશ્રીને ટેન્ડર ડોકયુમેન્ટ પરત કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ અંગે માહિતી ખાતા મારફતે બીજા પ્રયત્નથી ટેન્ડર જાહેરાત આપવામાં આવતા સમય મર્યાદામાં ફરીથી એકજ ટેન્ડર શ્રી ભરતકુમાર એ. ઓડેદરા, વલસાડનું આવેલ છે. સદરહું આવેલ ટેન્ડરોના ડોકયુમેન્ટ ચકાસણી કરી તારીખ ૧૧ / ૧૧/ ૨૦૨૦ ના રોજ ઈ–ટેન્ડરો ઓપન કરેલ છે. સદરહું આવેલ ભાવો મંજુર કરવા અંગેના કામે, ચર્ચા વિચારણાને અંતે ઈમરજન્સીમાં કરવા પડે તેવા કામોની એન્જીનીયરશ્રીનો સ્થળતપાસ કરી, રીપોર્ટ મેળવીને જ વર્ક ઓર્ડર આપીને સદરહું ઉપરોકત જણાવેલ કામગીરી કરવા અંગેની જરૂરી નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૩૬ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૩૦</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ.નં.૧૩૯ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારોમાં નગરપાલિકા હસ્તકના આવેલ બોરીંગો રીપેરીંગ કામ અંગેના ભાવો મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.ઃ</u>

વો.વ.ક.ઠ.નં.૧૩૯ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નગરપાલિકા હસ્તકના આવેલ બોરિંગો રિપેરિંગ કામ અંગેના ભાવો મંજુર કરવા અંગે માહિતી ખાતા મારફત દૈનિક પેપર સંદેશ– સુરત આવૃતિમાં તારીખ ૦૪/૦૬/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધિ કરાવેલ જેની એનપ્યોકયોરની વેબસાઈડ ઉપર ટેન્ડર ડોકયુમેન્ટ અપલોડ કરવામાં આવેલ છે. જેમાં મુદત દરમ્યાન ફકત એક જ ટેન્ડર આવેલ. સદરહું ટેન્ડર સિંગલ તેમજ પ્રથમ પ્રયત્ન હોવાથી સદરહું ટેન્ડર કોન્ટ્રાકટરશ્રીને ટેન્ડર ડોકયુમેન્ટ પરત કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ અંગે માહિતી ખાતા મારફતે બીજા પ્રયત્નથી ટેન્ડર જાહેરાત આપવામાં આવતા સમય મર્યાદામાં ફરીથી એકજ ટેન્ડર શ્રી ભરતકુમાર એ.ઓડેદરા, વલસાડનું આવેલ છે. સદરહું આવેલ ટેન્ડરોના ડોકયુમેન્ટ ચકાસણી કરી તારીખ ૧૧/૧૧/૨૦૨૦ ના રોજ ઈ–ટેન્ડરો ઓપન કરેલ છે. સદરહું આવેલ ભાવો મંજુર કરવા અંગેના કામે, ચર્ચા વિચારણાને અંતે ઈમરજન્સીમાં કરવા પડે તેવા કામોના એન્જીનીયરશ્રીનો સ્થળતપાસ કરી, રીપોર્ટ મેળવીને જ વર્ક ઓર્ડર આપીને સદરહું ઉપરોકત જણાવેલ કામગીરી કરવા અંગેની જરૂરી નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૩૭ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

કામ નં.–૩૧

વિષયઃ– વો.વ.ક.ઠ.નં.૧૪૦ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ વારીગૃહ હેડ વર્કસ ખાતે ફરજ બજાવતા રોજીંદા મજુર શ્રી રાજુભાઈ બાબુભાઈ નાયકાને નોકરીમાંથી છુટો કરેલ જેને ફરીથી નોકરીમાં પુનઃસ્થાપિત કરવા બાબત..

ઠરાવ.:–

વો.વ.ક.ઠ.નં.૧૪૦ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ વારીગૃહ હેડ વર્કસ ખાતે, મોગરાવાડી, અબ્રામા વિસ્તારને પાણી પહોંચાડવા માટેના ૧૮'' ડાયાના વાલ્વને રીપેરીંગ કરવા માટે ખોલવામાં આવેલ. સદર વાલ્વનું ચકકર વોચમેનની કેબીનની બાજુમાં આવેલ બીજું કેબીનમાં મુકવામાં આવેલ હતું. સદર ચકકર તા.:૦૩/૧૧/૨૦૧૭ ના રોજ રાત્રે ચોરાઈ ગયેલ. બીજા દિવસે સવારે રીપેરીંગ કરવા માટે તપાસ કરતાં સદર ચકકર ન મળતા હેડ વર્કસની આજુબાજુ રહેતા ભંગારવાળાને ત્યાં તપાસ કરતાં સદર ચકકર મળી આવેલ. તેમને પુછવામાં આવતા તેમના જણાવ્યા મુજબ હેડ વર્કસ ખાતે ફરજ બજાવતા રોજીંદા કર્મચારી રાજુભાઈ બાબુભાઈ નાયકાએ રાત્રે વેચ્યાનું જણાવેલ જે બાબતે સદર કર્મચારીને પુછવામાં આવતાં તેમણે સદર ચકકર વેચ્યાનુ કબુલ કરેલ જે અંગે તેમણે માફી પત્ર લખી આપવા જણાવેલ. ત્યારબાદ સદર કર્મચારીને નોકરીમાંથી છુટો કરવામાં આવેલ. સદર કર્મચારીએ ત્યારબાદ મે. મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીમાં તા.:૦૮/૧૨/૨૦૧૮ ના રોજ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અરજી કરેલ હતી. જે અન્વયે મે. મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીના પત્ર ક્રમાંક / મશ્રઆ /વલ / ૨૭૩ / ૨૦૧૯ તા.: ૨૮/૦૧/૨૦૧૯ થી સદર રોજીંદા કર્મચારીને પુનઃસ્થાપિત કરવાના આઈ.ડી.આર. કેસ નં.૦૧ / ૨૦૧૯ દાખલ કરેલ. ત્યારબાદ જુદી જુદી તારીખો પડેલ હતી. તા.:૦૩/ ૦૫ / ૨૦૧૯ ના રોજ મુદત દરમ્યાન મે. મદદનીશ શ્રમ આયુકતશ્રીની કોર્ટમાં સદર કેસની ચર્ચા દરમ્યાન યુનિયન નેતા, કર્મચારી, નગરપાલિકા અધિકારીની સંયુકત ચર્ચા દરમ્યાન સમાધાનકારી વલણ દાખવવા જણાવવામાં આવેલ સદર કામ બાબતે વલસાડ નગરપાલિકાની કા.સ.ઠ.નં. ૧૩૦ / તા.:૨૦ / ૭/૨૦૧૯ થી વિસ્તૃત ચર્ચા કરેલ. સદર બાબતે પુખ્ત નિર્ણય ન થતાં સુનાવણીની મુદતો / તારીખો પડતી રહે છે. સદરકર્મચારી તરફથી તા.: ૨૪ /૦૯/૨૦૨૦ થી સ્ટેમ્પ પેપર ઉપર માફી પત્ર તેમજ તેઓ ધ્વારા ઔધોગિક અદાલતમાં દાખલ કરેલ કેસ પરત ખેંચવા તેમજ તેઓને નોકરીમાં છુટા કરતાં પડેલ ગેરહાજરી ગણી જે અંગે કોઈપણ પગારની માંગણી ન કરવાની શરતે તેમજ આપેલ માફી પત્ર મુજબ તથા ભવિષ્યમાં કોઈ કોર્ટ કાનુની કાર્યવાહી ન કરે એવી બાંહેધરી રજુ કરેલ છે. જે ધ્યાનમાં લઈ વારીગૃહ હેડ વર્કસ ખાતેના રોજીંદા મજુર શ્રી રાજુભાઈ બાબુભાઈ નાયકાએ, મે. મદદનીશ શ્રમ આયુકતશ્રીની કોર્ટમાં તેમજ ઔધોગિક અદાલતમાં જે કેસો નગરપાલિકા સામે કરેલ છે. તે કરેલ કેસો પાછા ખેંચી લેવાની શરતે તેમજ નોકરીમાં છુટા કરતાં પડેલ ગેરહાજરી ગણી જે અંગે કોઈપણ પગારની માંગણી ન કરવાની શરતે ફરીથી રોજીંદા મજુર તરીકે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં.–૩૩૮ / તા.:૦૪–૦૩–૨૦૨૧

———————————————————————————————————————————

<u>કામ નં.–૩૨</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ.નં.૧૪૧ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ શ્રી નગર સોસાયટી, હાલર, વિસ્તારમાં આવેલ મ્યુનિ. ઘર નં.૧૫/ ૧૧૬૪ માં અરજદાર શ્રીમતી લક્ષ્મીબેન આર. દુબેને પીવાના પાણીનું જોડાણ આપવા બાબત..

<u>ઠરાવ.:–</u>

વો.વ.ક.ઠ.નં.૧૪૧ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા વલસાડ ધ્વારા બહાર પાડવામાં આવેલ નમુના નંબર.:૧,પાણીના નળ જોડાણ મેળવવા માટેની અરજી અન્વયે અરજદાર લક્ષ્મીબેન આર. દુબે, રહે.: શ્રીનગર સોસાયટી, હાલર, વલસાડ ધ્વારા નળ જોડાણ મેળવવાની અરજી અત્રે મળેલ છે. સદરહુ મિલકતના માલિક તરીકે કાઝી ઝહીરાબીબી સાહીર સાહબના નામે વલસાડ નગરપાલિકા સીધાવેરા દફતરે આકારણી નંબર : ૧૫/ ૧૧૬૪ થી ચાલી આવેલ છે. સદરહુ મિલકત તેઓ એટલે કે અરજદાર લક્ષ્મીબેન આર. દુબે એ ઝહીરાબીબી સાહીર સાહબ કાઝીનાઓ પાસેથી તા.:૨૦/૦૨/૨૦૦૯ થી વેચાણ રાખેલી અને જેનો સાટાખટ નોટરી રજિસ્ટર્ડ છે. સદર મિલકત સાટાખટ કરતી વખતે જ ઝહીરાબીબી સાહીર સાહબ કાઝીનાઓએ અરજદારને કબજો આપેલ છે. ત્યારબાદ અરજદારને ઝહીરાબીબી સાહીર સાહબ કાઝીનાઓએ જે તે સમયે અરજદારને દસ્તાવેજ ન કરી આપતાં અરજદારે મે. વલસાડની દીવાની અદાલતમાં દાવો માંડેલ છે. જે હાલમાં પેન્ડિંગ છે. તેમજ અરજદાર ધ્વારા નગરપાલિકાને એસેન્સીયલ સર્વિસની શ્રેણીમાં આવતી સેવા હોવાનું જણાવી અરજદારે જયાં સુધી ન્યાયાલયનો અંતિમ હુકમ ન આવે ત્યાં સુધી લક્ષ્મીબેનના નામે નળ કનેકશન મેળવવા માટેની અરજ કરેલ છે. અને જો અરજદારના વિરુધ્ધમાં ચુકાદો આવે તેવા સંજોગોમાં અરજદાર પોતાના હકકો છોડવા માટેનું સોગંદનામું રજુ કરેલ છે. ના. સરકારશ્રીની નલ સે જલ યોજના હેઠળ આવેલ પરિપત્ર નં. પરચ / ૧૦૨૦૧૯ / ૧૫૭૭ / ધ સચિવાલય, ગાંધીનગર તા.: ૨૬ /૦૮ /૨૦૨૦અન્વયે અરજદાર પાસે જરૂરી બાંહેધરી મેળવી પીવાનું પાણીનું જોડાણ આપવાનું જણાવેલ જે હીકકતોથી વિદિત થતાં અરજદારની માંગણી અનુસાર નવું નળ જોડાણ આપવા અંગેના આવેલ કામે,ડીપાર્ટમેન્ટ ધ્વારા સ્થળતપાસ કરી, પંચ રોજ કામ કરી, તથા માલિકને જાણ કરીને બેજીક સર્વિસીસ તરીકે / આવશ્યક સેવા તરીકે આપવા અંગેના કામે જરૂરી આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૩૯ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૩૩</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ.નં.૧૪૨ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ વોટર વર્કસ ખાતે ઈનર્જી ઓડિટ કરાવી અપગ્રેડેશન પ્રોજેકટ માટે કન્સ્લટન્ટની નિમણુંક કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

વો.વ.ક.ઠ.નં.૧૪૨ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા ધ્વારા શહેરીજનોને પીવાના પાણીની સુવિધા આપવામાં આવે છે. જેમાં અબ્રામા ખાતે ઔરંગા નદી કિનારે ફિલ્ટર પ્લાન્ટ આવેલ છે. જેના માટે મશીનરીઓ આવેલ છે. સદર તમામ પ્રોસેસમાં ઈલેકટ્રીક મોટરો, પેનલો ટ્રાન્સફોર્મર વિગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. સદર જુના સાધનોના કારણે પાવર ફેકટર પણ નિયમીત જળવાતો ન હોવાથી ડી.જી.વી.સી.એલ. તરફથી દર મહિને પેનલ્ટી લગાવવામાં આવે છે. સદર વોટર સપ્લાય નેટવર્કમાં આવતા તમામ ઈલેકટ્રીક સાધનોને જરૂરી ઓડિટ કરાવી જરૂરી અપગ્રેડેશન કરવાની જરૂરિયાત છે. જેથી નગરપાલિકાને પડતાં વધારાના ભારણમાંથી રાહત મળે અને વોટર સપ્લાય પણ નિયમિત રહી શકે.

સદર પ્રોજેકટને નામદાર સરકારશ્રીની ગ્રાન્ટમાંથી કરવાની થાય છે. સદર બાબતે સદર કામગીરીની જાણકારી ધરાવતા સરકારશ્રીના પેનલમાં આવતાં કન્સ્લ્ટન્ટશ્રીઓ તરફથી જરૂરી ભાવપત્રકો મંગાવી વર્ક ઓર્ડર આપી, નગરપાલિકાના તમામ ડીપાર્ટમેન્ટઓને ઈનર્જી ઓડિટ કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૪૦ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૩૪</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ.નં.૧૪૩ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ વારીગૃહ હેડ વર્કસ ખાતે વોસાઉટ લાઈનનું ચેમ્બર તૂટી જતાં તાત્કાલિક બનાવેલ જે કરેલ કામગીરીને બહાલી આપી સદર કામગીરીનો ખર્ચ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

વો.વ.ક.ઠ.નં.૧૪૩ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ, વારીગૃહ હેડ વર્કસ ખાતે આવેલ ફિલ્ટર બેડને ધોવા માટેનું પાણી તેમજ વરસાદી પાણીના નિકાલ માટે નાખવામાં આવેલ વોસાઉટ લાઈનનું ચેમ્બર તૂટી જતાં સદર ચેમ્બર નવું તાત્કાલિક બનાવવાની જરૂરીયાત ઉભી થતાં સદર કામગીરી શાંતિલાલ બારિયાને સોંપવામાં આવેલ. તેમના તરફથી સદર ચેમ્બર બનાવવામાં આવેલ છે. સદર કામગીરી તાત્કાલિક કરવાની હોવાથી વર્કઓર્ડર અપાયેલ નથી. જેથી થયેલ કામગીરીને બહાલ રાખી સદર કામગીરી અંગેનો ખર્ચ રૂા.૬૬,૩૭૫/– અંકે રૂા.છયાંસઠ હજાર, ત્રણસો પંચોતેર પુરાનો મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૪૧ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૩૫</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ.નં.૧૪૪/ તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ વારીગૃહ હેડ વર્કસ ખાતેથી આવતી ૧૮" ડાયાની જૂની લાઈન ઉપર વારંવાર લીકેજ થાય છે. તે જગ્યાએ ચેમ્બર બનાવવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

વો.વ.ક.ઠ.નં.૧૪૪ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ, વારીગૃહ હેડ વર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ૧૮" ડાયાની એચ.એસ. મેઈન રાઈઝીંગ પાઈપ લાઈન અભ્રામા પોલીસ હેડ કવાર્ટસ તુલસીવન આગળના રસ્તા પરથી પસાર થાય છે. સદર રસ્તા પર આવેલ મેઈન લાઈનના જોઈટ ઉપર બનાવેલ ચેમ્બરો ત્રણ જગ્યા ઉપર તૂટી ગયેલ છે. સદર રસ્તા ઉપર વાહનોની તેમજ માણસોની અવર જવર થતી રહેતી હોય છે. જેથી તૂટી ગયેલ ચેમ્બરોને રીપેરીંગ કરવાની જરૂર હોય રીપેરીંગ કરી નવા ચેમ્બરો બનાવવા માટે જાણકાર કોન્ટ્રાકટર શાંતિલાલ બારિયા પાસે કા.સ.ઠ.નં.–૧૬૬ / તા.: ૧૫/૧૦/૨૦૧૪ થી સને ૨૦૧૪–૧૫ ના વર્ષ માટે મંજુર થયેલ ભાવે નવા ચેમ્બર બનાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૩૪૨ / તા.: ૦૪–૦૩–૨૦૨૧**

---

**<u>કામ નં.–૩૬</u>**

**<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ.નં.૧૪૫ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૬ ના રામવાડી વિસ્તારમાં રામવાડી–૧ અને ૩ ગલીથી જીવનધારા પાછળની ગલી અને ગણેશ હોલથી કસ્તુરબા હોસ્પીટલ સુધી પીવાના પાણીની પાઈપ લાઈન નાખવાના અંદાજો મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**વો.વ.ક.ઠ.નં.૧૪૫ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ** વોર્ડ નં.–૬ ના રામવાડી વિસ્તારમાં રામવાડી–૧ અને ૩ ગલી થી જીવનધારા પાછળની ગલી અને ગણેશહોલ થી કસ્તુરબા હોસ્પીટલ ના ગેટ સુધી ના વિસ્તાર માટે પીવાના પાણીની પાઈપ લાઈન નાખવાની જરૂરીયાત ને ધ્યાને લઈ સદરહુ બાબતના સરકારશ્રીના જી.એસ.ડબલ્યુ.એસ.એસ.બી.ના સનેઃ૨૦૧૯–૨૦ ના મંજુર થયેલ એસ.ઓ.આર. મુજબ બનાવવામાં આવેલ અંદાજો મુજબ રૂા.૪,૦૪,૪૦૦/– પુરાના અંદાજો મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૪૩ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

કામ નં.–૩૭

વિષય :– વો.વ.ક.ઠ.નં.૧૪૬ / તા.: ૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ, પીવાના પાણીની પાઈપ લાઈન નાખવા અંગે કોન્ટ્રાકટરશ્રી જી.એસ.કન્સ્ટ્રકશન –સુરતની તા.૨૩/૦૨/૨૦૨૧ ના રોજની તેમના મંજુર થયેલ ભાવથી કામગીરી કરવા અંગેની આવેલ સમંતી ને બહાલ રાખી કામગીરી કરાવવા બાબત.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૧૪૬ / તા.: ૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ,નામદાર સરકારશ્રીની નલ સે જલ યોજના હેઠળ નગરપાલિકા હદ વિસ્તારમાં શહેરીજનોને પીવાના પાણીના જોડાણો આપવાનું ઠરાવવામાં આવેલ છે.નગરપાલિકાના અમુક વિસ્તારોમાં પીવાના પાણીની પાઈપ લાઈન આવેલ નથી તેમજ નાના ડાયાની લાઈન હોવાથી સદરહુ જગ્યાએ નવી પાઈપ લાઈન નાખવાની જરૂરીયાત જણાયેલ છે.જે બાબતે ૧૪માં નાણાપંચ યોજના હેઠળ પીવાના પાણીની પાઈપ લાઈન નાખવાનું કામ જી.એસ.કન્સ્ટ્રકશન–સુરતનું મંજુર થયેલ છે.તેમની નગરપાલિકા આવક નંબરઃ૫૨૮૨ તા.૨૩/૦૨/૨૦૨૧ થી તેમના મંજુર થયેલ ભાવે શહેરી વિસ્તારોમાં પીવાના પાણીની લાઈન ( માલસામાન સહિત) નું કામ કરી આપવાની લેખિત સમંતી આપેલ છે.જે આવેલ કામે ચર્ચાવિચારણાને અંતે, ઈમરજન્સીમાં અલગથી એસ્ટીમેઈટ કરી, કામગીરી કરાવવાનું તેમજ ટેન્ડરપ્રક્રિયા કરીને વાર્ષિક ભાવ મંગાવીને જરૂરી કામગીરી કરાવવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૪૪ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

–––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૩૮</u>

<u>વિષય :–</u> વો.વ.ક.ઠ.નં.૧૪૭ / તા.: ૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ,નલ સે જલ યોજના માટે પીવાના પાણીની પાઈપ લાઈન નાખવા માટે ડી.પી.આર.બનાવવા કન્સલન્ટન્ટશ્રીની નિમણુંક કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

વો.વ.ક.ઠ.નં.૧૪૭ / તા.: ૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ,નામદાર સરકારશ્રીની નલ સે જલ યોજના હેઠળ નગરપાલિકા હદ વિસ્તારમાં શહેરીજનોને પીવાના પાણીના જોડાણો આપવાનું ઠરાવવામાં આવેલ છે.નગરપાલિકાના અમુક વિસ્તારોમાં પીવાના પાણીની પાઈપ લાઈન આવેલ નથી તેમજ નાના ડાયાની લાઈન હોવાથી સદરહુ જગ્યાએ નવી પાઈપ લાઈન નાખવાની જરૂરીયાત જણાયેલ છે.જે કામો કરવા અંગેનો ડી.પી.આર.બનાવવાની જરૂરીયાતને ધ્યાને લઈ સદરહુ કામના જાણકાર એવા તેમજ સરકારશ્રીની ધ્વારા રચવામાં આવેલ પેનલના સભ્ય એવા કિષ્ના કન્સ્લન્ટન્ટ,આણંદ ની નિમણુંક કરવા તેમજ ૧ થી ૪૪ સભ્યશ્રીઓને નલ સે જલ યોજનાની જાણ કરવી. તથા તેઓના કયા વિસ્તારમાં પાણી આવતું નથી તેની જાણ કરી, આગળની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૩૪૫ / તા.: ૦૪–૦૩–૨૦૨૧**

---

**<u>કામ નં.–૩૯</u>**

**<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ.નં.૧૪૮ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ અમૃત યોજના હેઠળ વોટર વર્કસ વિભાગમાં આધુનિક સ્કાડા ટેકનોલોજીનો ઉપયોગ કરવા કલ્યાણ બાગ ખાતે કંન્ટ્રોલરૂમ બનાવવા બાબત..**

**<u>ઠરાવ.ઃ–</u>**

**વો.વ.ક.ઠ.નં.૧૪૮ / તા.:૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ** નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ સદરહુ કામગીરી ક્રિષ્ના કન્સ્ટ્રકશન–ને ટેકનોલોજી અંગેની કામગીરી સોપવામાં આવેલ છે. પરંતુ સદરહુ ટેકનોલોજીને ઈન્સ્ટોલ કરી ઓપરેટ કરવા સંબંધે કંટ્રોલરૂમ બનાવવાની જરૂરીયાતને ઘ્યાને લઈ અત્રે કલ્યાણબાગ ખાતે ટાંકી નજીકની જગ્યામાં એક નવો કંટ્રોલરૂમ બનાવવા તથા સદરહુ ટેકનોલોજીને અનુરૂપ એવા બીજા પ્રકારના સવિલિ વર્કની જરૂરીયાતો ને ઘ્યાને લઈ સરકારશ્રીની ઘ્વારા રચવામાં આવેલ પેનલના સભ્ય એવા ક્રિષ્ના કન્સ્લન્ટન્ટ,આણંદની નિમણુંક કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૪૬ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૪૦</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સાંઈ રીવર કો–ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.,સ્વામિનારાયણ ગુરુકુલ સ્કુલ પાછળ, વિગેરે અબ્રામાના જુદી જુદી સોસાયટીના રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કરવા અંગેના આવેલ કામે જરૂરી નિર્ણય કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નીચે મુજબની કુલ–૧૪ ખાનગી સોસાયટીઓના મુખ્ય / આંતરિક રસ્તાઓને નગરપાલિકાને સુપ્રત કરવા માટે જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરવા અર્થે જરૂરી સોસાયટીના માલિકો ધ્વારા દિન–૩૦ માં વાંધાસૂચનો મંગાવવા માટે દૈનિક પેપરોમાં તા.:૨૦–૦૧–૨૦૨૧ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અને સદરહું જાહેર નોટીસ પ્રસિધ્ધની મુદત પૂર્ણ થયેલ છે. અને સદરહુ મુદત દરમ્યાન તા.: ૨૮–૦૧–૨૦૨૧ ના રોજ ગોકુલધામ કો.ઓ.હા.સો.લી.ધરમપુર રોડ, વલસાડની અરજીમાં જણાવ્યા મુજબ ગોકુલધામ કો.ઓ.હા.સો.લી.નો મુખ્ય રોડ જ નગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ છે. સદરહું સોસાયટીની આંતરિક ગલીઓ તેમજ કોમન પ્લોટ નગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ નથી. તેમજ અન્ય કોઈ ખાનગી સોસાયટીના માલિકોના વાંધા અરજી આવેલ નથી.

જેથી ઉપરોકત હકીકતોને ધ્યાને લેતાં, ગોકુલધામ કો.ઓ.હા.સો.લી.નો ફકત મુખ્ય રોડ તેમજ અન્ય નીચે જણાવેલ ૧૩(તેર) ખાનગી સોસાયટીઓના મુખ્ય તેમજ આંતરિક રોડ નગરપાલિકામાં સુપ્રત કરવા માટે તેમજ સદરહુ રસ્તાઓને સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧ | પ્રમુખ શિવાલય, ધરમપુર રોડ, અબ્રામા, સર્વે નં.–૯૦ / એ /૨ પૈકી –૧ તથા ૯૭ /૩,૧૩૫,૧૩૭/૧ |
| ૨ | ઠાકોરભાઈ પાર્ક સોસાયટી, ધરમપુર રોડ, અબ્રામા |
| ૩ | કેતનપાર્ક સોસાયટી, ધરમપુર રોડ, અબ્રામા |
| ૪ | લક્ષ્મીનગર,મોગરાવાડી, જુનો બ્લોક નં.૧૯૮/ પૈકી –૧, નવો બ્લોક નં.–૨૮૫૩ |
| ૫ | અક્ષરધામ રેસીડેન્સી, મોગરાવાડી, સર્વે નં.–૧૯૯ /૧,૧૯૯/૨ તથા ૨૦૦/૧, ૨૦૨/૨ |
| ૬ | સોનાનગર, ધરમપુર રોડ, અબ્રામા, સર્વે નં.–૧૧૫/૩ |
| ૭ | તડકેશ્વર કો.ઓ.હા.સો., અબ્રામા, સ.નં. ૧૦૦ પૈકી |
| ૮ | પ્રજ્ઞા કો.હા.સો.લી., તિથલ રોડ, |
| ૯ | મણિબાગ–૧,૨,૩ સોસાયટી, ધરમપુર રોડ, અબ્રામા |
| ૧૦ | પંચવટી સોસાયટી, બીનાનગર નજીક, ધરમપુર રોડ |
| ૧૧ | ધારાનગર સોસાયટી, ધરમપુર રોડ, અબ્રામા, સી.સ.નં.–૧૫૩–અ |
| ૧૨ | સાંઈરીવર કો.ઓ.હા.સો.,અબ્રામા |
| ૧૩ | પુનિત પ્લોટ સોસાયટી, ધરમપુર રોડ, અબ્રામા |
| ૧૪ | ગોકુલધામ કો.ઓ.હા.સો.લી. ધરમપુર રોડ, વલસાડ ( ફકત મુખ્ય રસ્તાઓ ) |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૪૭ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

**કામ નં.–૪૧**

**વિષયઃ– વોર્ડ નં.–૧૧ માં આવેલ સુધાનગર, અબ્રામા, ગરીબનવાઝ ગલીમાં ડામર રસ્તાનું કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૪,૧૬,૯૦૦/– મંજુર કરવા બાબત..**

**ઠરાવ.:–**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં.–૧૧ માં આવેલ સુધાનગર, અબ્રામા, ગરીબનવાઝ ગલીમાં હાલે એક ગલીમાં ડામર રસ્તાનું કામ બાકી છે. સદરહું ગલીમાં ડામર રસ્તાનું કામ કરાવવાની જરૂરીયાત હોય, સદરહું ડામર રસ્તો બનાવવા અંગેના આવેલ કામનું એસ્ટીમેઈટ રૂા.૪,૧૬,૯૦૦/– અંકે રૂા. ચાર લાખ, સોળ હજાર, નવસો પુરા મંજુર કરી, આગળની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૪૮ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૪૨</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૫–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સમાજ કલ્યાણ સમીતીની મીટીંગમાં ઠરાવ્યા મુજબ , વલસાડ નગરપાલિકા ખાતે આધારકાર્ડ માટે એક એજન્સીની નિમણુંક કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

સમાજ કલ્યાણ સમીતી ઠરાવ નં.–૧ / તા.: ૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ, હાલમાં સામાન્ય પ્રજા આધાર કાર્ડ બનાવવા કે અપડેટ કરવા અથવા આધારને લગતી બીજી કોઈપણ કામગીરી માટે કલેકટર કચેરી જવા પડે છે. પરંતુ ફોર્મ ઉપર નગરપાલિકાના ચુંટાયેલા સભ્યની  સહીની જરૂર હોવાથી લાભાર્થીને  ભારે હાલાકીનો સામનો કરવો પડે છે તેવા સંજોગોમાં સમાજ કલ્યાણ સમિતિ ધ્વારા  વલસાડ નગરપાલિકાના પરિસરમાં કોઈપણ એજન્સી ધ્વારા  આધાર સેન્ટર નકકી કરવામાં  આવે જેનો લાભ ન.પા.ને થાય અને ન.પા પર કોઈપણ વધારાનું ભારણ ના રહે. સદર બાબતે સમાજ કલ્યાણ સમીતીમાં આવેલ કાવ્ય કોમ્પ્યુટરની અરજીને ધ્યાને લઈ, આવેલ ઉપરોકત કામે ચર્ચા–વિચારણા કરતાં, એજન્સીના દરેક પેપર્સ  ઓર્થોટીક કરીને, નગરપાલિકાના શો. સેન્ટરમાં જગા હોય તો તેનું ભાડુ વસુલી  ડોકયુમેન્ટ ચેક કરીને એમને ફકત આધાર કાર્ડ બનાવવા કે અપડેટ  કરવા અથવા આધારને લગતી કામગીરી કરવા જગા માટેની જરૂરી પરમીશન આપવા અંગેની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું  ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૩૪૯ / તા.: ૦૪–૦૩–૨૦૨૧**

**——————————————————————————————————————**

**<u>કામ નં.–૪૩</u>**

**<u>વિષયઃ–</u> તા.: ૨૫–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સમાજ કલ્યાણ સમીતીની મીટીંગમાં ઠરાવ્યા મુજબ તાલુકા પંચાયત / જીલ્લા પંચાયત ICDC ડીપાર્ટમેન્ટ સાથે સંકલન કરી વલસાડ નગરપાલિકાની તમામ જર્જરીત આંગણવાડીઓ સમારકામ તેમજ નવી બનાવવાની થતી હોય તેવા સંજોગોમાં યોગ્ય ચર્ચા વિચારણા કરી આંગણવાડી બનાવવાની નવી જગ્યાઓ નગરપાલિકા તરફથી ફાળવણી કરવા બાબત..**

**<u>ઠરાવ.ઃ–</u>**

**સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં.–૨ / તા.:૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ, ICDC ડીપાર્ટમેન્ટ ડીપાર્ટમેન્ટ ધ્વારા વિવિધ આંગણવાડીઓની યાદી આપવામાં આવેલ છે. આવા સમયે નાના બાળકો કોઈ વ્યકિતના ઘરે કે ઝાડ નીચે બેસીને કામકાજ કરી ભણતા હોય એવા સંજોગોમાં નગરપાલિકાના સ્થાનિક સભ્યોને સંકલનમાં રાખી નગરપાલિકાની યોગ્ય જગ્યા મળે જયાં તાલુકા પંચાયત ધ્વારા તમામ પ્રકારનો ખર્ચ પૂરો પાડવામાં આવે છે. અને આ કારણે આપણી નગરપાલિકા પણ એક સારું અને સુઘડ ભણતર આપનાર આંગણવાડીઓ માટે પ્રેરણારૂપ રહે તેવા હેતુથી સ્થાનિક આંગણવાડી બહેનો સાથે સંકલન કરી, જર્જરીત આંગણવાડી સમારકામ તેમજ નવી આંગણવાડી બનાવવા યોગ્ય ગ્રાન્ટ મેળવી આંગણવાડી નવનિર્માણ કરવામાં આવે આમ દરેક વોર્ડમાં જયાં જરૂરી છે તેવા સ્થળોએ આંગણવાડીનું સમારકામ અથવા બાંધકામ કરવા અંગેના આવેલ કામે, પ.વ.ડી.શાખાના અધિકારીશ્રીને સુચન કરી, ઈન્સ્પેકશન, પંચનામું કરાવી, સરકારશ્રીને જાણ કરી, ગ્રાંટ મેળવવા, પ.વ.ડી. શાખાના ઈજનેરશ્રી, મારફતે જરૂરી આગળની કાર્યવાહી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.– ૩૫૦ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

**કામ નં.–૪૪**

**વિષયઃ–** તા.: ૨૫–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સમાજ કલ્યાણ સમીતીની મીટીંગમાં ઠરાવ્યા મુજબ માં કાર્ડ એ એક એવી યોજના છે જે જરૂરીયાતમંદો સુધી પહોંચાડવા માટે નગરપાલિકા ધ્વારા યોગ્ય સુવિધા ઉભી કરવા બાબત..

**ઠરાવ.:–**

સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં.–૩ / તા.:૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ, માં કાર્ડ એ એક એવી યોજના છે જે જરૂરીયાતમંદો સુધી પહોંચાડવા માટે આજના મોંઘવારીના યુગમાં માં કાર્ડ હોવો ખુબજ જરૂરી છે છતાં ૨૦% લોકોજ માં કાર્ડ બનાવી શકેલ છે. જીલ્લા પંચાયત સમિતિના અધિકારીઓ સાથે ચર્ચા કર્યા બાદ એમના દ્વારા વોર્ડ વાઈઝ કેમ્પ કરવાનું સુચવેલ છે. તો એ પણ કામ યોગ્ય રીતે થાય તેના માટે સમાજ કલ્યાણ સમિતિ દ્વારા ન.પા. ચીફઓફીસરશ્રી સાથે સંકલન કરી યોગ્ય કાર્યવાહી કરવાની ચર્ચા કરેલ. કે જેથી પ્રજાને પડતી મુશ્કેલીઓનો અંત આવી શકે અને સરકારશ્રીની કલ્યાણકારી યોજનાનો લાભ વધારે ને વધારે પ્રજા સુધી પહોંચી શકે. જે હકીકતોને ધ્યાને લઈ, ચર્ચા વિચારણાંના અંતે સદરહુ કામે, જે તે સંબંધિત વિભાગની મંજુરી લઈને આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૫૧ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૪૫</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૫–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સમાજ કલ્યાણ સમીતીની મીટીંગમાં ઠરાવ્યા મુજબ,વલસાડ ન.પા. ધ્વારા BPL ના નામોનું સરકારશ્રી સાથે મળી સંકલન કરી યોગ્ય યોજનાઓનો લાભ પ્રજાને મળે તે બાબતે ચર્ચા કરી એકવાર ફરી રી સર્વે કરી આ BPL નંબર બનાવવા બાબત જેથી વિધવા પેન્શન, અપંગ સહાય વિગેરે સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા અંગેના કામ બાબત..

<u>ઠરાવ.:–</u>

સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં.–૪ / તા.:૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા ધ્વારા BPL ના નામોનું સરકારશ્રી સાથે મળી સંકલન કરી તેની કામગીરી માટે સરકારી ધોરણે ફરી એકવાર રી સર્વે કરી જરૂરીયાત મંદોને યોજનાઓનો લાભ પહોંચે એવી વ્યવસ્થા ઉભી થાય અને યોગ્ય યોજનાઓનો લાભ પ્રજાને મળે આમ જરૂરીયાતમંદોને BPL નંબર બનાવવાથી વિધવા પેન્શન, અપંગ સહાય, વિગેરે જુદી જુદી ના. સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનો લાભ પણ અરજદારો મેળવી શકે તેવા શુભ આશયથી સદરહું ઉપરોકત કામે સરકારશ્રીને ભલામણ કરીને શહેરી વિસ્તારને રી–સર્વે કરવા જણાવવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૫૨/ તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૪૬</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સેનેટરી કમિટીમાં ઠરાવ્યા મુજબ, ઘન કચરાના નિકાલની ડમ્પીંગ સાઈડે સાઈડે ડેવલપમેન્ટ માટે ગ્રાઉન્ડ લેવલ થી ૧૬ મીટર જેટલી ઉંચાઈ તથા ૧૫૦ મીટર લંબાઈની રબલ સ્ટોનની દિવાલ બનાવવાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

સે.ક.ઠ.નં.૧૩૮ / તા.: ૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાની ઘન કચરા નિકાલની ડમ્પીંગ સાઈટ પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં નગરપાલિકાની માલિકીના આવેલ STP પ્લાન્ટની બાજુની ખુલ્લી જમીનમાં ઔરંગા નદીના કીનારે આવેલ છે. આ જગ્યા ઉપર નગરપાલિકા છેલ્લા ૨૩ વર્ષથી શહેરમાંથી નીકળતા ઘનકચરાનો નિકાલ કરતી આવેલ છે. આ ડમ્પ સાઈટની વિઝીટ ચેરમેનશ્રી આરોગ્ય શાખા ધ્વારા કરતા,આ ડમ્પ સાઈટ ઉપર જુના લેગેસી વેસ્ટના નિકાલની કામગીરી ચાલુ હોઈ તે જોતાં બે–માસની આજુબાજુના સમય ગાળામાં આવી ડમ્પ સાઈટ કચરા મુકત થઈ જશે.જેથી કચરાનો નિકાલ કરવાની હાલે જે મુશ્કેલી પડે છે તે પડશે નહીં. પરંતુ આ ડમ્પ સાઈટ ઔરંગા નદીના કીનારે તથા માનવ વસ્તીથી દુર કોઈને પણ કનડગત થઈ શકે તેવી નથી. ચોમાસા દરમ્યાન કે નદીમાં પૂર આવે ત્યારે કચરાના નિકાલની ખુબજ મુશ્કેલી પડે છે. જો આ ડમ્પ સાઈટ ઉપર ૧૬ મીટર જેટલી ઉંચી અને ૧૫૦ મીટર જેટલી રબલ સ્ટોનની દિવાલ બનાવવામાં આવે તો ચોમાસા દરમ્યાન વરસાદી, પાણી કે પૂર ના પાણી થી ધનકચરા નિકાલ માટે જે મુશ્કેલી પડે છે તે પડશે નહીં બીજુ આ જગ્યા પર નગરપાલિકા તેનો જુનો કમ્પોસ્ટ પ્લાન્ટ શીફટ કરવાની હોઈ તેમજ મોટુ એમ.આર.એફ સેન્ટર પણ અહી બની શકે તેમ હોઈ તે બાબતો ધ્યાને લઈ ધન કચરા નિકાલની ડમ્પીંગ સાઈટ ડેવલપમેન્ટ માટે ગ્રાઉન્ડ લેવલથી ૧૬ મીટર ઉંચી અને ૧૫૦ મીટર લાંબી જેટલી દિવાલ સ્વચ્છતા મિશન અંતર્ગતની ગ્રાન્ટમાંથી બનાવવા અંગેની આગળની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૫૩/ તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૪૭</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સેનેટરી કમીટીમાં ઠરાવ્યા મુજબ,ઘનકચરામાંથી ખાતર બનાવવાનો જુનો કંમ્પોસ્ટ પ્લાન્ટ અન્ય જગ્યાએ શીફટ કરવાનું નકકી કરેલ છે. તેની સાથે આ પ્લાન્ટ સોલર પાવર સીસ્ટમથી ચાલે તે માટે સોલર પાવર સીસ્ટમ લગાવવાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

સે.ક.ઠ.નં.૧૪૦ / તા.: ૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ, નગરપાલિકાનો ઘનકચરામાંથી ખાતર બનાવવાનો કમ્પોસ્ટ પ્લાન્ટ પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં વલસાડ નગરપાલિકાની માલિકીના આવેલ STP પ્લાન્ટની બાજુમાં આવેલ છે. આ પ્લાન્ટ ચલાવવા માટે નગરપાલિકાને–૧૮ કિલો વોટ રોજની વીજળીની જરૂર પડે છે. જેને લઈને નગરપાલિકાને લાઈટ બીલનો વધુ ખર્ચ સહન કરવો પડે છે. બીજુ આ પ્લાન્ટવાળી જગ્યામાં નગરપાલિકા ધ્વારા ના. સરકારશ્રીની રી–યુઝ વોટર પોલિસી હેઠળનો પ્રોજેકટ બનાવવાની હોઈ આ પ્લાન્ટ આ જગ્યાએથી બીજી જગ્યાએ શીફટ કરવાનું નકકી કરી દેવામાં આવેલ છે. આ પ્લાન્ટ અહીથી શીફટ થાય તો તેની સાથે આ પ્લાન્ટ જે જગ્યાએ શીફટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે તે કામગીરીની સાથે સાથે આ પ્લાન્ટને સોલર ઉર્જા સંચાલિત બનાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૫૪/ તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૪૮</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સેનેટરી કમીટીમાં ઠરાવ્યા મુજબ,સ્વચ્છ ભારત મીશન કાર્યક્રમ અંતર્ગત ઘન કચરાનો નાગરીકો તેમના ઘરમાંથી સેગ્રીગેશન કરીને આપે તે માટે નાગરીકોને લીલા અને વાદળી કલરના ડસ્ટબીનો આપવાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

સે.ક.ઠ.નં.૧૪૩ / તા.: ૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ,ના.સરકારશ્રી ધ્વારા આયોજિત સ્વચ્છ ભારત મિશન અર્બનની ગાઈડ લાઈન મુજબ નગરપાલિકા હદ વિસ્તારમાં રહેતા તમામ રહેણાંક અને કોમર્શીયલ મિલકત ધારકોને સુકો અને ભીનો કચરો અલગ રાખવા માટે લીલા અને વાદળી કલરવાળા ડસ્ટબીનો ના.સરકારશ્રી સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ સને–૨૦૧૪ થી ચલાવી રહેલ છે. આ કાર્યક્રમ હેઠળ નગરપાલિકાએ ઘણા કોમ્પોનેન્ટો ઉપર કામગીરી કરવાની છે. તે પૈકીનો એક કોમ્પોનેન્ટ નાગરિકોના ઘરેથી લીલો અને સુકો કચરો અલગ કરાવી તેનો ગાઈડ લાઈન મુજબ નિકાલ કરવાનો છે. નગરપાલિકા સને–૨૦૦૭–૦૮ ના વર્ષથી નાગરિકોના ઘરેથી ડોર ટુ ડોર કચરો ઉઘરાવી નિકાલ કરતી આવેલ છે. ડોર ટુ ડોર ઘન કચરાને ઉઘરાવી નિકાલ કરવા માટે નગરપાલિકા સને–૨૦૧૮માં નાગરિકો પાસેથી યુઝર ચાર્જીસ વસુલ કરતી આવેલ છે. નગરપાલિકા નાગરિકો પાસેથી યુઝર ચાર્જીસ તો વસુલ કરે છે. પરંતુ મિલકત ધારકોને લીલો અને સુકો કચરો અલગ કરવા માટે લીલા અને ભુરા કલરના ડસ્ટબીનો આપેલ નથી. તેને કારણે નાગરિકોને કચરાનું સેગ્રીગેશન કરવાની ખુબજ મુશ્કેલી પડી રહી છે. અને સરકારશ્રીના આ કોમ્પોનેન્ટને પૂર્ણ કરવામાં મુશ્કેલી પડે છે. નાગરિકોને ડસ્ટબીન ખરીદીને આપવા માટે અગાઉ ટેન્ડરો પણ મંગાવવામાં આવેલ હતા. તેમ છતાં ડસ્ટબીનોની ખરીદી થયેલ નથી.

ના.સરકારશ્રી ના.સરકારશ્રી સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ હેઠળ નાગરિકોને તેમના રહેણાંકવાળા મકાનો તથા વેપારીઓને તેમના ધંધાના સ્થળેથી નીકળતા કચરાનું સેગ્રીગેશન કરી અલગ કરે તે માટે તેઓને નાના લીલા અને ભૂરા કલરના ડસ્ટબીનો આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૩૫૫ / તા.: ૦૪–૦૩–૨૦૨૧**

---

**<u>કામ નં.–૪૯</u>**

**<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સેનેટરી કમીટીમાં ઠરાવ્યા મુજબ, નગરપાલિકાના સ્લમ વિસ્તારમાં આવેલ જુના શૌચાલયો તોડી પાડી દુર કરી તેમની જગ્યાએ તથા અબ્રામા ઝોન ઓફીસ અને વારીગૃહ હેડવર્કસ ખાતે નવા શૌચાલયો બનાવવાનું મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**સે.ક.ઠ નં.–૧૪૭ / તા.: ૨૬–૦૨–૨૦૨૧ની ભલામણ મુજબ, નગરપાલિકાના વોર્ડ નંબર.:૦૧,૦૨,૦૬,૦૭,૦૮ અને ૦૯ ના જુદા જુદા વિસ્તારોમાં કુલ–૧૨૦ જાહેર શૌચાલયો આવેલ છે. આ શૌચાલયો વર્ષો જુના અને જર્જરીત હાલતવાળા થઈ ગયેલ છે. તેને લઈને આ વોર્ડના સ્લમ વિસ્તારમાં રહેતા નાગરીકોને શૌચક્રિયા કરવાની ખુબજ મુશ્કેલી પડે છે. આ વોર્ડમાં આવેલ સ્લમ વિસ્તારમાં રહેતા નાગરીકોને શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ કરાવવી ખુબ જ જરૂરી છે. જો તેઓને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં ન આવે તો ઓપન ડીફેકશન થવાની સંભાવના છે. જે બાબત સ્વચ્છ ભારત મિશનની ગાઈડ લાઈન વિરુધ્ધની બની શકે તેમ હોઈ તે બાબત ધ્યાને લઈ આ જુના શૌચાલયો તોડી પાડી દુર કરી તેની જગ્યાએ નવા ૧૨૦ જાહેર શૌચાલયો બનાવવાનું અને આ કામ ૧૪ માં નાણાં પંચની ગ્રાન્ટમાં ખર્ચ પાડી કરાવવાનું તેમજ ના. સરકારશ્રીની યોજના મુજબ ચાર ઘરદીઠ એક શૌચાલય તૈયાર કરી તેઓને સુપ્રત કરવાનું મંજુર કરવા તથા અબ્રામા ઝોન ઓફીસમાં તથા નગરપાલિકાના વારીગૃહ હેડ વર્કસ ખાતે પણ શૌચાલયની સુવિધા આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૫૬ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

કામ નં.–૫૦

વિષયઃ– તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સેનેટરી કમીટીમાં ઠરાવ્યા મુજબ,કાયમી ઝાડુવાળા સફાઈ કામદાર સ્વ.શ્રી ગુરીયાભાઈ બુધીયાભાઈ કુંકણાનું, તા.:૨૪–૧૨–૨૦૨૦ ના રોજ ચાલુ ફરજ દરમ્યાન અવસાન થયેલ હોય, ના.સરકારશ્રીની રહેમરાહે નોકરીમાં નિમણુંક આપવાની યોજના હેઠળ તેમના વારસદાર પુત્રશ્રી અનિલ ગુરીયાભાઈ કુંકણાને સફાઈ કામદાર તરીકે નિમણુંક આપવા બાબત..

ઠરાવ.:–

સે.ક.ઠ નં.–૧૪૭ / તા.: ૨૬–૦૨–૨૦૨૧ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં ઝાડુવાળા કામદાર તરીકે સ્વ. ગુરીયાભાઈ બુધીયાભાઈ કુંકણા તા.: ૦૧/૦૨/ ૧૯૯૭ થી ફરજ બજાવતા હતા. તેમનું તા.:૨૪/૧૨/૨૦૨૦ ના રોજ ચાલુ ફરજ દરમ્યાન અવસાન થતા તેમના વારસદાર પુત્ર શ્રી અનિલ ગુરીયાભાઈ પટેલ ( કુંકણા )એ સરકારશ્રીની રહેમરાહે નોકરી પર રાખવાની યોજના હેઠળ તેમને પણ નિમણુંક આપવાની અરજી તા.: / /૨૦૨૧ ના રોજ કરેલ હતી.

ના. ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરે તેમના ઠરાવ ક્રમાંકઃ નપમ / ૧૨૨૦૧૭ / સી.ફા.૨૮ / આર / તા. ૧૮/૧૦/૨૦૧૭ ના ઠરાવથી નગરપાલિકાઓમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સફાઈ કામદારનું ચાલું નોકરી દરમ્યાન અવસાન થાય તો તેમના વારસદારને રહેમરાહે નિમણુંક આપવાની યોજના અમલમાં મુકેલ છે. અને આ યોજનાનો લાભ સદરહુ ઠરાવની જોગવાઈ મુજબ અરજદારશ્રી અનિલ ગુરીયાભાઈ પટેલ ( કુંકણા )ને મળવાપાત્ર થતો હોઈ તે બાબત ધ્યાને લઈ અરજદારશ્રી અનિલ ગુરીયાભાઈ પટેલ ( કુંકણા )ને તેમના પિતાશ્રી અને કાયમી સફાઈ કામદાર સ્વ. ગુરીયાભાઈ બુધીયાભાઈ કુંકણાની જગ્યાએ સફાઈ કામદાર તરીકે ફીકસ પગારમાં સરકારશ્રીના નિતિ નિયમો મુજબ રહેમરાહે નિમણુંક આપવા અંગેની જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૩૫૭ / તા.: ૦૪–૦૩–૨૦૨૧**

———————————————————————————————————

**કામ નં.–૫૧**

**વિષયઃ– તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સેનેટરી કમીટીમાં ઠરાવ્યા મુજબ,નગરપાલિકાના જુદા જુદા વિસ્તારમાં ગટરો બનાવવાનું મંજુર કરવા બાબત.**

**ઠરાવ.ઃ–**

**સે.ક.ઠ નં.–૧૫૧/ તા.: ૨૬–૦૨–૨૦૨૧ની ભલામણ મુજબ,નગરપાલિકાના નીચે જણાવેલ વોર્ડ વિસ્તારમાં ઘર વપરાશી અને ગંદા પાણીના નિકાલની ગટરો બનાવવાની ખુબજ જરૂર હોય, ગંદા પાણીના નિકાલની ગટરો ન હોવાથી નાગરીકોને ઘર વપરાશી ગંદા પાણીના નિકાલ માટે ખુબજ મુશ્કેલી પડતી હોય તે બાબત ધ્યાને લઈ બંધ નાળા અને ચેમ્બરવાળી નવી ગટરો, બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ.નં. | વોર્ડ નં. | વિસ્તાર. |
|---|---|---|
| ૧ | ૧ | ડેરા ફળિયા વૈજનાથ મહાદેવ મંદિરની બાજુમાં |
| ૨ | ૧ | દોંડિયા ટેકરા વિસ્તારમાં કલ્પેશભાઈના ઘરથી સુધાબેનના ઘર પાસેથી પીપળાના ઝાડ સુધી |
| ૩ | ૧ | માછીવાડ માજી.સભ્ય બહાદુરભાઈના ઘર પાસેથી કેરોસીન ડેપો સુધી |
| ૪ | ૧ | ઓનેસ્ટ ઓટો ગેરેજની સામે આવેલ નવી ચાલની પાછળ નવી ગટર બનાવવા |
| ૫ | ૧ | ઉમર ફળિયા નાનુભાઈ માસ્તરના ઘરની પાછળની ચાલની ગટર |
| ૬ | ૭ | વોર્ડ નં.–૭ માં ધોબી તળાવ વિસ્તારમાં આવેલ કુમાર ભંગારવાળાના ઘરથી પ્રવિણભાઈ પવારના ઘર સુધી |
| ૭ | ૧૦ | અબ્રામા ઝરણા પાર્ક પાછળના ભાગમાં ગટર બનાવવી |

**આ ઉપરાંત નગરપાલિકા રોડ સ્વીપર મશીનનું રીપેરીંગ કામ સફાઈ કામદારોને આઈકાર્ડ આપવા તેમજ જરૂરી સેફટીના સાધનો આપવા આ ઉપરાંત અબ્રામા, મોગરાવાડી ઝોન પાસે હાલે જે સ્ટાફ ઉપલબ્ધ છે તેઓ પાસે શું કામગીરી કરાવવામાં આવે છે તેનો ડિટેલ રીપોર્ટ મેળવવા તથા હાલે ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે તેઓ પાસે ડ્રાઈવિંગના લાઈસન્સની કોપી મંગાવવાનું તથા વોર્ડમાં મુકાદમોને જે જે કામગીરી સોંપવામાં આવે છે તે કામગીરીના તેઓ પાસે ફોટોગ્રાફ રજુ કરાવવા તથા કામગીરી બાબતે બે સભ્યશ્રીઓની સહી મેળવીને નકકી કરવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૫૮ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૫૨</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સેનેટરી કમીટીમાં ઠરાવ્યા મુજબ નગરપાલિકાના આરોગ્ય શાખાના ગેરેજને તોડીને નવું બનાવવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

સે.ક.ઠ નં.–૧૫૦ / તા.: ૨૬–૦૨–૨૦૨૧ની ભલામણ મુજબ, નગરપાલિકાના આરોગ્ય શાખાના વાહનોને મુકવા માટે તથા તે વાહનો બગડે તેનું રીપેરીંગ કામ કરાવવા માટેનું ગેરજ રામ રોટી ચોક પાસે ન્યુ સુપર માર્કેની પાછળ આવેલ છે. આ ગેરેજ વર્ષો જુનું હોય ચોમાસા દરમ્યાન તેમાં પાણી પડતું હોય તેમજ વપરાશી પાણી પણ ભરાઈ જતું હોય તેને કારણે રીપેરીંગ કરનાર સ્ટાફને કામગીરી કરવામાં મુશ્કેલી પડતી હોય તેમજ આ ગેરેજમાં સ્ટોરરૂમ પણ આવેલ હોય ચોમાસા દરમ્યાન જંતુ નાશક દવા પાવડર પાણી પડવાને કારણે બગડી જતાં હોય તે ન થાય તેમજ મેન્ટેનન્સ સ્ટાફને પણ કામગીરી કરવામાં મુશ્કેલી ન પડે તે માટે નવું ગેરેજ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૫૯ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૫૩</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સેનેટરી કમીટીમાં ઠરાવ્યા મુજબ અરજદાર શ્રી સુનિલકુમાર નટવરલાલ ઢીંમ્મરની રહેમરાહે નોકરીમાં લેવા બાબતે આવેલ અરજી અંગે યોગ્ય નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

સે.ક.ઠ નં.–૧૪૯ / તા.: ૨૬–૦૨–૨૦૨૧ની ભલામણ મુજબ, નગરપાલિકાના આરોગ્ય શાખામાં અગાઉ સેનેટરી સબ ઈન્સ્પેકટર તરીકે કાયમી ધોરણે ફરજ બજાવતા શ્રી નટવરલાલ આઈ. ઢીમ્મરનું ચાલુ ફરજે તા.:૬/૧/૨૦૦૯ ના રોજ અવસાન થયેલ હતું. તેમના વારસદાર પુત્ર શ્રી સુનિલકુમાર એન.ઢીમ્મરે તા.: ૨૩ / ૨/૨૦૨૧ ના રોજ અરજી આપી ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક ભરત / ૧૦૨૦૦૪ / ૧૦૦૩–ક / તા.:૯/૨/૨૦૦૫ થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ રહેમરાહે નોકરીમાં નિમણુંક આપવાની રજુઆત કરવામાં આવેલ હતી.

મા.શ્રી ચેરમેન આરોગ્ય શાખા ધ્વારા જણાવેલ છે કે, અરજદારશ્રીના પિતાનું તા.: ૬/૧/૨૦૦૯ ના રોજ ચાલુ ફરજે અવસાન થતાં તેમની જગ્યાએ રહેમરાહે નિમણુંક મેળવવા અરજદાર પુત્રશ્રી સુનિલકુમાર ઢીંમ્મરે તા.૫/૨/૨૦૦૯ ના રોજ પણ અરજી કરેલ હતી, તેમ છતાં અરજદારશ્રીને સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.:૯/૨/૨૦૦૫ ના ઠરાવ મુજબ રહેમરાહે નિમણુંક મળવાપાત્ર હોવા છતાં નિમણુંક મળેલ નથી તો આ બાબતે યોગ્ય વિચારણા કરવા જરૂરી દરખાસ્ત કરવાની આગળની કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૬૦ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

**કામ નં.–૫૪**

**વિષયઃ–** તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સેનેટરી કમીટીમાં ઠરાવ્યા મુજબ આરોગ્ય શાખા માટે દવા છંટકાવના સ્પ્રે પંપો તથા ફોગીંગ મશીનો ખરીદવા બાબત..

**ઠરાવ.:–**

સે.ક.ઠ નં.–૧૪૪ / તા.: ૨૬–૦૨–૨૦૨૧ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાનો કુલ વિસ્તાર ૧૪ કિ.મી. જેટલો છે અને તેની વસ્તી અંદાજે ૧.૭૨ લાખ જેટલી છે આરોગ્ય શાખાએ નાગરિકો સફાઈ સેવા, ઘન કચરા નિકાલની સેવા, ગટરો વિ.ની સફાઈ સેવા વિ આપવાની સાથે તેમના આરોગ્યની તકેદારી રાખવાની પણ છે.નગરપાલિકા કુલ–૩(ત્રણ) ઝોન (૧) વલસાડ (૨) અબ્રામા અને (૩) મોગરાવાડી ઝોન આવેલ છે. સફાઈ, દવા છંટકાવ કે આરોગ્ય ને સેવાને લગતી કામગીરી આ ત્રણેય ઝોનોમાં થાય છે.

નગરપાલિકા વિસ્તારમાં મચ્છરોનો ત્રાસ ન વધે, તેને લઈને રોગચારો ન વધે તે માટે ત્રણેય ઝોનમાં દવા છંટકામ કે ફોગિંગ કામગીરી માટે પૂરતા સાધનો હોવા જરૂરી છે કે જેથી દવા છંટકાવ અને ફોગિંગની કામગીરી સારી રીતે થઈ શકે. આ માટે દવા છંટકાવ કરવા માટેના ૨૪ પમ્પો, નાના ફોગીંગ મશીનો નંગ–૬( છ) તથા મોટા ફોગીંગ મશીનો નંગ–૦૨(બે) ખરીદવા માટે નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૬૧ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૫૫</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ સેનેટરી કમીટીમાં ઠરાવ્યા મુજબ નગરપાલિકા વિસ્તારમાં મૃત પામતા રખડતાં અને બીનવારસી પશુઓના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા બાબત..

<u>રાવ.:–</u>

સે.ક.ઠ નં.–૧૪૨ / તા.: ૨૬–૦૨–૨૦૨૧ની ભલામણ મુજબ, નગરપાલિકા વિસ્તારમાં રખડતા અને બીનવારસી ઢોરો મૃત પામે તો તેનો નિકાલ આરોગ્ય શાખા ધ્વારા તેની ધનકચરાની ડમ્પીંગ સાઈટ ઉપર જે.સી.બી. ધ્વારા ખાડો કરી તેની અંદર દાંટીને નિકાલ કરવામાં આવે છે. મૃત પશુ / જાનવરો ઢોરો વિ. પણ કુદરતે બનાવેલ એક જીવ જ છે અને તે મૃત પામે તો તેનો નિકાલ પણ યોગ્ય રીતે થાય તેવી વ્યવસ્થા ઉભી કરવી જરૂરી છે. અમદાવાદની કોઈ કંપની મૃત પામનાર આવા ઢોર / પશુ જાનવરોનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય તે માટે ઈલેકટ્રીક ભઠ્ઠી બનાવે છે. જો તે કંપની આવી ઈલેકટ્રીક ભઠ્ઠી બનાવતી હોય તો તેનો સંપર્ક કરી તેમની પાસેથી આ ઈલેકટ્રીક ભઠ્ઠી મેળવવા નિયમ મુજબની કાર્યવાહી કરવાનું તથા આ સુવિધા નગરપાલિકાની ધનકચરાની ડમ્પીંગ સાઈટ ઉપર ઉભી કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૬૨ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૫૬</u>

<u>વિષયઃ–</u> તળાવ તથા ગાર્ડન કમીટી ( મંત્રણા સમીતી ) ઠરાવ નં.–૧ /તા.:૨૬–૨–૨૦૨૧ ની ભલામણ મુજબ કલ્યાણ બાગ ખાનગી એજન્સીને આપવા બાબતની ચર્ચા અને શરતો નિયમોની વિચારણા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

તળાવ તથા ગાર્ડન કમીટી ( મંત્રણા સમીતી ) ઠરાવ નં.–૩ /તા.:૨૬–૨–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા સંચાલિત કલ્યાણ બાગ જે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ડેવલપમેન્ટ કરી શહેરીજનોને એક મનોરંજન તેમજ હરવા ફરવા માટેનાં શુભ આશય થી કલ્યાણ બાગ ડેવલપમેન્ટનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. કલ્યાણ બાગ જે શહેરની મધ્યમાં આવેલ છે. જેથી વધુમાં વધુ લોકો કલ્યાણ બાગનો મનોરંજન હેતુથી શાંતિ મેળવી શકે તથા નગરપાલિકાના હદ વિસ્તારને લાગુ આજુ બાજુનાં ગામોને પણ કલ્યાણ બાગ હરવા–ફરવાનું જાહેર સ્થળ બની રહે છે. તથા કલ્યાણબાગમાં સુશોભિત પ્લાન્ટેશન બાળકો માટે રમતગમતનાં સાધનો ,કસરતનાં સાધનો, વૃધ્ધો માટે આરામ દાયક બાકડા તથા દુકાનોમાં ફુડઝોન સેન્ટર તેમજ વલસાડની આગવી ઓળખ એવો " જયોતિમિનાર " ને નિહાળવા આજુબાજુનાં ગામોનાં લોકો તેમજ શહેરીજનો આવે છે.

ઉપરોકત કલ્યાણ બાગમાં સેવાનો હેતુ સચવાય રહે તેવા શુભ આશયથી કલ્યાણ બાગને એક આગવી ઓળખ રહે તે માટે તેની સલામતી જાળવણી જરૂરી બને છે. જેથી સદર કલ્યાણબાગની જાળવણી માટે ખાનગી એજન્સીને જરૂરી નિયમોનુસારની પ્રક્રિયા કરી આપવામાં આવે તો નગરપાલિકાને આર્થિક નાણાંકીય લાભ મળી રહે એમ છે. અને સદર કલ્યાણબાગનું ખાનગીકરણ થવાથી તેનાં સુશોભનમાં જરૂરી વધારો કરી જરૂરી એવા નિતિનિયમોનું પાલન થઈ શકે એમ છે. જે માટે નગરપાલિકા ધ્વારા શરતોને આધિન કરાર થી આપવા માટે જરૂરી નીતિરીતી કે નિયમો શરતો બનાવવી જેવી કે, ફુવારા ઉપર શોર્ટ ટાઈમ ફિલ્મ, ફુડઝોન માટે દુકાનો,એન્ટ્રી ફી નકકી કરવી,મિનારામાં જવા માટે ફી નકકી કરવી, ટાઈમ નકકી કરવો,વોચમેન રાખવા વિગેરે નિયમો વ્યવસ્થિત બનાવી સદર કલ્યાણબાગ ખાનગી એજન્સીને આપવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૬૩ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

**કામ નં.–૫૭**

**વિષયઃ– તળાવ તથા ગાર્ડન કમીટી ( મંત્રણા સમીતી ) ઠરાવ નં.–૩ /તા.:૨૬–૨–૨૦૨૧ ની ભલામણ મુજબ રાખોડીયા તળાવને બ્યુટીફીકેશન માટે સરકારશ્રીમાં પ્રોજેકટ રીપોર્ટ ( ડીપીઆર) તૈયાર કરી દરખાસ્ત કરવા બાબત..**

**ઠરાવ.:–**

**તળાવ તથા ગાર્ડન કમીટી ( મંત્રણા સમીતી ) ઠરાવ નં.–૩ /તા.:૨૬–૨–૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧,માં આવેલ રાખોડિયા તળાવનાં બ્યુટીફીકેશન માટે જરૂરી (D.P.R.) બનાવવા અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**વધુમાં, સભ્યશ્રી નીતેશભાઈ એમ. વશીએ જણાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદમાં આવેલ ઔરંગા નદીનું પીચીંગ એટલે કે, હનુમાન ભાગડા ગામ તરફ જતાં આવતાં ઔરંગા નદીનો ફાંટો જે પીચીંગ તરીકે ઓળખાય છે. તેમાં આખા વર્ષ દરમ્યાન વરસાદી પાણી અને ભરતીના પાણીથી ભરેલું રહે છે અને આગળ સરકારશ્રી ધ્વારા ચેક ડેમ પણ બનાવવામાં આવેલા છે. જેને લઈ બોટીંગ અને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ થઈ શકે તેમ હોય, સરકારશ્રી ધ્વારા નિયુકત એજન્સી પાસે ડીપીઆર બનાવવા અંગેની કાર્યવાહી કરવાનું ઠરાવવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૬૪ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

———————————————————————————————————————————————

<u>કામ નં.–૫૮</u>

<u>વિષયઃ–</u>

તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ લાઈટ શાખાને સ્વનિર્ભર બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ફાયર એન્ડ લાઈટ કમીટી ઠરાવ નં.–૨ / તા.:૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા લાઈટ શાખા ધ્વારા વલસાડ હદ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ મુકવામાં આવેલ છે. સદરહુ સ્ટ્રીટ લાઈટ અંગેની કામગીરી અંગે છેલ્લા પાંચ વર્ષમાં થયેલ આવક અને ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | આવક | ખર્ચ | આવક સામે થતો વધારાનો ખર્ચ. |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૪૮,૨૧,૧૩૯ | ૮૬,૯૨,૮૨૬ | –૩૮,૭૧,૬૮૭ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૪૭,૦૦,૦૬૧ | ૧,૫૮,૯૩,૭૮૫ | –૧,૧૧,૯૩,૭૨૪ |
| ૩ | ૨૦૧૬–૧૭ | ૪૫,૬૫,૬૩૯ | ૧,૧૨,૧૦,૨૨૩ | –૬૬,૪૪,૫૮૪ |
| ૪ | ૨૦૧૭–૧૮ | ૪૭,૭૧,૧૬૭ | ૧,૭૧,૮૭,૬૬૮ | –૧,૨૪,૧૬,૫૦૧ |
| ૫ | ૨૦૧૮–૧૯ | ૭૪,૮૭,૯૩૨ | ૯૭,૭૦,૫૦૩ | –૨૨,૮૨,૫૭૧ |
| ૬ | ૨૦૧૯–૨૦ | ૮૦,૫૩,૪૦૪ | ૭૨,૪૯,૪૪૭ | ૮,૦૩,૯૫૭ |

નગરપાલિકા ધ્વારા છેલ્લે સને : ૨૦૧૭–૧૮ ના વર્ષમાં આ દરોમાં ૧૦% નો વધારો કરવામાં આવેલ હતો સદરહુ કામે ચર્ચા વિચારણાના અંતે સોલાર પેનલ સેમ્પલ તરીકે ઉપયોગ કરી પાવર બચાવી શકાય છે જેથી આ કામે સોલાર પેનલ નાખવા અંગેના આવેલ કામે, ચર્ચા વિચારણાના અંતે નકકી થયું કે, જયાં મીટર હોય ત્યાં આ સીસ્ટમ પહેલાં કરાવવા અને ઈ–એનર્જીમાં કન્વર્ટ કરાવી સૌપ્રથમ નગરપાલિકાની પ્રિમાઈસીસમાં,સોલાર કંપનીના / સરકારી એજન્સીના કન્સલટન્ટને રાખીને (બોલાવીને) પ્રોજેકટ / એસ્ટીમેઈટ તૈયાર કરીને ટેન્ડરીંગ કરી કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૬૫ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૫૯</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ વ.ન.પા. હદ વિસ્તારમાં આવેલ ધરમપુર રોડ આર.પી.એફ. ગ્રાઉન્ડથી માનસી પેટ્રોલ પંપ સુધી વિગેરે વિસ્તારના સ્ટ્રીટ લાઈટ પોલને ફોર કોર આરમર કેબલ વીથ પ્રોટેકશન કેબલ સાથે તમામ પોલ ઉપર જંકશન બોક્ષ તથા ટાઈમર સ્વીચ લગાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

ફાયર એન્ડ લાઈટ કમીટી ઠરાવ નં.–૩ / તા.:૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ શહેરી વિસ્તાર તેમજ અબ્રામા તથા મોગરાવાડી ઝોન ,નગરપાલિકાના ત્રણે ઝોનમાં નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબના વિસ્તારમાં જે નગરપાલિકા તરફથી ફોર કોર આર્મર વાયરનું કેબલીંગ કરાવી લેવામાં આવે તો હાલે વારંવાર ટુ કોર સર્વિસ કેબલ પાછળ તથા બલ્બ રીપ્લેશીંગ પાછળ નગરપાલિકાએ જે ખર્ચ કરવો પડે તે નિવારી શકાય એમ છે તો નીચે જણાવ્યા મુજબના પત્રક મુજબની કામગીરી કરાવવા અંગેના આવેલ કામે, ચર્ચા વિચારણાના અંતે સ્ટ્રીટ લાઈટ માટે એજન્સી **EESL** – નગરપાલિકાના ઈલેકટ્રીશીયન સાથે મીટીંગ બોલાવીને / લેખીતમાં આપીને જેમમાંથી ખરીદી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિસ્તાર | હાલે સ્થળ ઉપર પોલની સંખ્યા | પડી ગયેલ પોલની સંખ્યા | અંદાજીત ફોર કોર આર્મર કેબલ જથ્થો રનીંગ મીટર |
|---|---|---|---|---|
| ૧ | ધરમપુર રોડ આર.પી.એફ.ગ્રાઉન્ડ થી માનસી પેટ્રોલ પંપ સુધી | ૮૨ | ૦ | ૨૯૧૨ |
| ૨ | ઓવરબ્રીજ સર્કલ થી પ્રભા પાર્ક સુધી | ૧૩ | ૦ | ૪૫૬ |
| ૩ | પ્રભાપાર્ક થી ધરમપુર રોડ ચોકડી સુધી | ૮૧ | ૫ | ૨૧૧૫ |
| ૪ | મોગરાવાડી પાદર દેવી મંદિર થી ઝોન ઓફીસ સુધી | ૧૦ | ૦ | ૩૨૭ |
| ૫ | રાજસ્થાન સ્વીટ માર્ટ થી હાલર તળાવ સુધી ગૌરવપથવાળો રોડ | ૩૮ | ૦ | ૯૮૨ |
| | | ૨૨૪ | ૫ | ૬૭૯૨ |

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૬૬ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

કામ નં.–૬૦

વિષયઃ– તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના અબ્રામા ઝોનના લાઈટ શાખાના રીપોર્ટમાં જણાવ્યા મુજબ માલસામાન ફાળવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ :–

ફા એન્ડ લાઈટ ક. ઠ.નં.૪/ તા.:૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના અબ્રામા ઝોન વિસ્તારમાં વિવિધ વોલ્ટની ઈ.એસ.એલ.કંપનીની સ્ટ્રીટ લાઈટો ફીટ કરવામાં આવેલ છે. જેની જાળવણી અને નિભાવણી માટે નીચે જણાવ્યા મુજબના જરૂરી માલસામાનની અવર–નવાર જરૂરીયાત રહેતી હોય જેની જરૂરી ખરીદી કરવા અંગે આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમાંક | જરૂરી સામાનની વિગત | જરૂરીયાત જથ્થો |
|---|---|---|
| ૧ | સર્વિસ કેબલ | ૨૫–બંડલ |
| ૨ | સ્ટ્રીટ લાઈટ ફીટ કરવા ગડર પોલ ઉપરના કલેમ્પ | ૫૦–જોડી |
| ૩ | સ્ટ્રીટ લાઈટ ફીટ કરવા સિમેન્ટ પોલ ઉપરના કલેમ્પ | ૭૫–જોડી |
| ૪ | આઈ.સી.ટી.પી.થ્રી ફેઈઝ સ્વીચ ૬૩ એમ્પીયરની | ૧૨–નંગ |
| ૫ | બે ફુટના પાઈપ ફિક્ષ્ચર માટે | ૬૦– જોડી |
| ૬ | નટ બોલ્ટ કલેમ્પ નાં હોલ મુજબ એક પોલ ઉપર છ નંગ લેખે | ૭૫૦– નંગ |
| ૭ | પોલ ઉપર કામ કરવા માટે વાયરમેન ને જરૂરી હથીયારની વિગત તાપરીયા કું. | |
| | ૧) પકકડ | ૫– નંગ |
| | ૨) ટેસ્ટર ફુલ સાઈઝ | ૫– નંગ |
| | ૩) ડીસમીસ (સ્ટાર અને સાદુ) | ૫– નંગ |
| | ૪) ૧૨ × ૧૩ અને ૧૪×૧૫ નું પાનું નટ બોલ્ટ ફીટ કરવા | ૫– નંગ |
| | ૫) વાયર છોલવાની કટર | ૫– નંગ |
| ૮ | હેન્ડ ગ્લોઝ ચોમાસામાં વરસાદની સિઝન મો રબરના | ૧૦– જોડી |
| ૯ | ટેપરોલ | ૦૩–બોક્ષ |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૬૭ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

———————————————————————————————————————

<u>કામ નં.–૬૧</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ બંદર રોડ ઉપર ૧૮.૦૦ મીટર રોડ વાઈડનીગ કરતાં નવા સાઈડમાં પોલ ઉભા કરવા બાબતેનું આવેલ કામ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ :–</u>

ફા એન્ડ લાઈટ ક. ઠ.નં.૫ / તા.:૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર વોર્ડ નં–૨ માં આવેલ બંદર રોડ વિસ્તારમાં ટ્રાફીકને લગતી ઘણી સમસ્યા ઉપસ્થિત થયેલ છે.જેથી સદરહુ બંદરરોડ ઉપર આવેલ સ્ટ્રીટ લાઈટ ના જે પોલ ટ્રાફીકને નડતરરૂપ છે તે સ્ટ્રીટ લાઈટના પોલ સાઈડમાં ખસેડવા અંગેના આવેલ કામે જરૂરી કાર્યવાહી કરવાનું તેમજ જે જે સીટીના મેઈન રસ્તાઓ છે. તે સ્માર્ટ લાઈટોથી અપડેટ કરવા તેમજ તીથલ રોડ સિવાય બીજા વિસ્તારો માટે અલગથી સ્માર્ટ લાઈટ ખરીદવા અલગથી ટેન્ડરીંગ કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૬૮ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૬૨</u>

<u>વિષયઃ–</u>તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ વ.ન.પા. હદ વિસ્તારમાં આવેલ ધરમપુર રોડ આર.પી.એફ. ગ્રાઉન્ડથી માનસી પેટ્રોલ પંપ સુધી વિગેરે વિસ્તારના ઉભા કરવામાં આવેલ પોલના સ્થાને નવા પોલ ઉભા કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ફા એન્ડ લાઈટ ક. ઠ.નં.૫ / તા.:૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ તથા અબ્રામા ઝોન રોડ ડીવાઈડર વચ્ચે તુટી પડેલ પોલની સ્થળ યાદીમાં જણાવ્યા મુજબના પોલ જુના અને જર્જરીત હોય બદલવાપાત્ર હોય જે પોલ તુટી ગયેલ છે.જેને નવા નાખવાની જરૂરીયાત હોય સદરહુ સ્ટ્રીટ લાઈટ પોલ બાબત ના રીપોર્ટમાં નીચે જણાવ્યા મુજબના વિસ્તારમાં જર્જરીત પોલ, તૂટી પડેલ તેવા જે નથી તેવા પોલ ઉભા કરવાની જરૂરી કામગીરી અંગેના એસ્ટીમેઈટ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| **ક્રમ** | **વિસ્તાર** | **પોલની સંખ્યા** | **રીમાર્ક** |
|---|---|---|---|
| **૧** | આર.પી.એફ. મેદાનથી કલ્યાણબાગ થઈ દશેરા ટેકરી માનસી પેટ્રોલ પંપ સુધી | ૮૨ | જુના જર્જરીત હોય બદલવા પાત્ર |
| **૨** | ગૌરવ પથ ઉપર આઝાદ ચોક થી હાલર રોડ સરકીટ હાઉસ થઈ હાલર તળાવ સુધી | ૩૮ | જુના જર્જરીત હોય બદલવા પાત્ર |
| **૩** | સોના નગર પાસે | ૧ | પોલ તુટી ગયેલ છે. |
| **૪** | મણીબાગ પાસે મોબાઈલ ટાવર નજીક | ૧ | પોલ તુટી ગયેલ છે. |
| **૫** | અમરદીપ આઈ હોસ્પીટલ પાસે | ૧ | પોલ તુટી ગયેલ છે. |
| **૬** | આજુગીયા થી ધારાનગર ડીવાઈડર વચ્ચે | ૨ | પોલ તુટી ગયેલ છે. |
| **૭** | ધારાનગર થી જલારામ ફર્નીચર શો રૂમ સુધીમાં | ૨ | પોલ તુટી ગયેલ છે. |
| | | **૧૨૭** | |

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૩૬૯ / તા.: ૦૪–૦૩–૨૦૨૧**

---

**<u>કામ નં.–૬૩</u>**

**<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ ફાયર શાખા માટે ઉપયોગમાં લેવામાં આવતી જુદી જુદી સાધન સામગ્રીની ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

ફા એન્ડ લાઈટ ક. ઠ.નં.૭ / તા.:૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના ફાયર શાખા માટે ફાયર શાખાના રજુ કરેલ રીપોર્ટમાં જણાવ્યા મુજબની સાધન–સામગ્રીની યાદીમાં જણાવ્યા પ્રમાણે માલ–સામાનની જરૂરીયાત હોય, જેની ખરીદી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૭૦ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

———————————————————————————————————————————

<u>કામ નં.–૬૪</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ ફાયર અને લાઈટ શાખા માટે એક નવું કંમ્પલીટ કોમ્પ્યુટર સેટ, ઓલ ઈન વન પ્રિન્ટર સહિત ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ફા એન્ડ લાઈટ ક. ઠ.નં.૮ / તા.:૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ, ફાયર એન્ડ લાઈટ શાખામાં જુદી જુદી કોમ્પ્યુટર ને લગતી કામગીરીઓ કરવા માટે એક નવું કંમ્પલીટ કોમ્પ્યુટર સેટ, ઓલ ઈન વન પ્રિન્ટર સહિત ખરીદી કરવાની જરૂરીયાત હોય, નગરપાલિકા અભ્રામા ઝોન ઓફીસ માટે કોમ્પ્યુટર ખરીદવા અંગેના ભાવો મંજુર કરવામાં આવેલ. તે મંજુર થયેલ ભાવોએ અથવા સ્થાનિક બજારમાંથી ફાયર એન્ડ લાઈટ શાખા માટે એક નવું કંમ્પલીટ કોમ્પ્યુટર સેટ, ઓલ ઈન વન પ્રિન્ટર સહિત ખરીદ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૭૧ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૬૫</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ  ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ લાઈટ શાખા માટે ઈલેકટ્રીક એન્જીનીયર  લેવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ફા એન્ડ લાઈટ ક. ઠ.નં.૯ / તા.:૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નગરપાલિકા તરફથી સ્ટ્રીટ લાઈટની સુવિધાઓ  વલસાડ શહેર તથા મોગરાવાડી – અબ્રામા ઝોન વિસ્તારમાં  આપવામાં આવે છે. જેના સ્ટ્રીટ લાઈટના ફોલ્ટ વારંવાર થતાં રહેતા હોય છે. નગરપાલિકામાં હાલે લાઈટ શાખા માટે કોઈપણ એન્જીનીયર ન હોય  જે હકીકતોથી વિદિત થતાં લાઈટ શાખા માટે એક ઈલેકટ્રીક એન્જીનીયર  લેવા અંગેની  દરખાસ્ત સરકારશ્રીમાં  મંજુરત માટે મોકલવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૭૨ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

————————————————————————————————————————————————

<u>કામ નં.–૬૬</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ નગર સેવા સદનની જુની / નવી ઓફીસ બીલ્ડીંગ માટે જરૂરી ઈલે.મટીરીયલ્સ ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

ફાયર એન્ડ લાઈટ કમીટી ઠરાવ નં.–૧૦ / તા.:૨૬–૦૨–૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગર સેવા સદનની જુની / નવી ઓફિસ બીલ્ડીંગમાં વારંવાર લાઈટો ઉડી જવા પામેલ છે જેના રીપરીંગ કામ માટે ઈલેકટ્રીક માલ સામાનની વારંવાર જરૂરીયાત રહેતી હોય, તે માટે ઈન્ચાર્જ લાઈટ શાખાના રિપોર્ટ મુજબની ખરીદી, વર્ષ દરમ્યાન જરૂરીયાત મુજબ સ્થાનિક બજારમાંથી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.–૩૭૩ / તા.: ૦૪–૦૩–૨૦૨૧**

**––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––**

**કામ નં.–૬૭**

**વિષયઃ– હિતેશભાઈ પી. પટેલ વિગેરે કાયમી કર્મચારીઓ, કોવીડ–૧૯ ની વૈશ્વિક મહામારીમાં તેમની ફરજ દરમ્યાન કોરોના વાયરસથી સંક્રમીત થયેલ જેના આવેલ સારવાર અંગેના બીલો ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**ઠરાવ.:–**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, હિતેશભાઈ પી. પટેલ વિગેરે કાયમી કર્મચારીઓ, કોવીડ–૧૯ ની વૈશ્વિક મહામારીમાં તેમની ફરજ દરમ્યાન કોરોના વાયરસથી સંક્રમીત થયેલ જેના સારવાર અંગેના બીલો ચુકવવા અંગેના આવેલ કામે,કોરોના વાયરસથી સંક્રમીત થયેલ કર્મચારીઓના સારવાર અંગેના બીલો ચુકવવા, સરકારશ્રીની મંજુરત મેળવવાની દરખાસ્ત, ના.સરકારશ્રીમાં સાદર કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવા, જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૭૪ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૬૮</u>

<u>વિષયઃ–</u>

તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ નાના તાઈવાડ ગુજરાતી સ્કુલ પાછળ, આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૨,૨૬,૫૮૬/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં. ૬ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ–૬ માં આવેલ નાના તાઈવાડ ગુજરાતી સ્કૂલ પાછળ ૨૨૫ એમ.એમ. ડાયા મીટરની આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૨૬,૫૮૬–૦૦ અંકે રૂપિયા બે લાખ, છવ્વીસ હજાર, પાંચસો છયાંસી પુરા મંજૂર કરી, સને–૨૦૨૦/૨૧ ના વાર્ષિક મંજૂર થયેલા ભાવે, અમૃત યોજના / ગ્રાંટમાંથી, સદરહું ઉપરોક્ત કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર..

**કા.સ.ઠ.નં.–૩૭૫ / તા.: ૦૪–૦૩–૨૦૨૧**

**————————————————————————————————————————————————————————**

**<u>કામ નં.–૬૯</u>**

**<u>વિષયઃ–</u>તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ હરીકૃપા એપાર્ટ પાછળ, નાની મહેતવાડમાં આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૯૩,૧૦૬.૪૦/–મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**ડ્રે.ક.ઠ.નં. ૭ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ–૬ હરીકૃપા એપાર્ટ પાછળ, નાની મહેતવાડ ખાતે ૨૨૫ એમ.એમ. ડાયા મીટરની આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૯૩,૧૦૬.૪૦/– અંકે રૂપિયા ત્રાણુ હજાર, એકસો છ પુરા મંજૂર કરી, સને–૨૦૨૦/૨૧ ના વાર્ષિક મંજૂર થયેલા ભાવે, વ્યવસાય વેરાની ગ્રાંટમાંથી, કામગીરી કરાવવા અંગેની દરખાસ્ત કરી, મંજુરત મેળવી જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજૂર..**

**કા.સ.ઠ.નં.–૩૭૬ / તા.: ૦૪–૦૩–૨૦૨૧**

---

**<u>કામ નં.–૭૦</u>**

**<u>વિષયઃ–</u>તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ વોરા મસ્જીદ પાછળ ફુલ ગલી મોટા બજારમાં, આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૧,૦૪,૦૨૬.૦૦/–મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.ઃ–</u>**

**ડ્રે.ક.ઠ.નં. ૮ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ–૬ વોરા મસ્જીદ પાછળ ફૂલ ગલી મોટા બજાર ખાતે ૨૨૫ એમ.એમ. ડાયા મીટરની આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૧,૦૪,૦૨૬.૦૦/– અંકે રૂપિયા એક લાખ, ચાર હજાર, છવ્વીસ પુરા મંજૂર કરી, સને–૨૦૨૦/૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે, વ્યવસાય વેરાની ગ્રાંટમાંથી, કામગીરી કરાવવા અંગેની દરખાસ્ત કરી, મંજુરત મેળવી જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજૂર..**

કા.સ.ઠ.નં.–૩૭૭ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૭૧</u>

<u>વિષયઃ–</u>તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ હનુમાન શેરી, ચંપા ગલીમાં, આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૧,૦૫,૪૩૦.૦૦/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં. ૯ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ–૬ હનુમાન શેરી, ચંપા ગલી ખાતે ૨૨૫ એમ.એમ.ડાયા આર.સી.સી.ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૧,૦૫,૪૩૦.૦૦/– અંકે રૂપિયા એક લાખ, પાંચ હજાર, ચારસો ત્રીસ પુરા મંજૂર કરી, સને–૨૦૨૦/૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે, વ્યવસાય વેરાની ગ્રાંટમાંથી, કામગીરી કરાવવા અંગેની દરખાસ્ત કરી, મંજુરત મેળવી જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર..

કા.સ.ઠ.નં.–૩૭૮ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૭૨</u>

<u>વિષયઃ–</u>તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ મોટી મહેતવાડ ઉત્તમ ડેકોરેટર્સની સામે,આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૧,૨૩,૬૩૯ .૦૦/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં. ૧૦ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ–૬ મોટી મહેતવાડ ઉત્તમ ડેકોરેટર્સની સામે, ૨૨૫ એમ.એમ.ડાયા આર.સી.સી.ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૧,૨૩,૬૩૯–૦૦ અંકે રૂપિયા એક લાખ, તેવીસ હજાર, છસો ઓગણચાલીસ પુરા મંજૂર કરી, સને–૨૦૨૦ / ૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે, વ્યવસાય વેરાની ગ્રાંટમાંથી, કામગીરી કરાવવા અંગેની દરખાસ્ત કરી, મંજુરત મેળવી જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર..

કા.સ.ઠ.નં.–૩૭૯ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૭૩</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ રાજ ધનલક્ષ્મી એપાર્ટ હનુમાનશેરીમાં,આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૬૦,૧૭૫.૦૦/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં. ૧૦ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ–૬ રાજ ધનલક્ષ્મી એપાર્ટ હનુમાનશેરી ખાતે ૨૨૫ એમ.એમ.ડાયા આર.સી.સી.ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૬૦,૧૭૫–૦૦ અંકે રૂપિયા સાંઠ હજાર, એકસો પંચોતેર પુરા મંજૂર કરી, સને–૨૦૨૦ / ૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે, વ્યવસાય વેરાની ગ્રાંટમાંથી, કામગીરી કરાવવા અંગેની દરખાસ્ત કરી, મંજુરત મેળવી જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર..

કા.સ.ઠ.નં.–૩૮૦ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

**કામ નં.–૭૪**

**વિષયઃ–** તા.:૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ મૈત્રી સદન રામવાડીમાં,આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૮૭,૧૬૩.૩૮/–મંજુર કરવા બાબત..

**ઠરાવ.:–**

ડ્રે.ક.ઠ.નં. ૧૨ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ–૬ રામવાડી મૈત્રી સદન ખાતે ૨૨૫ એમ.એમ.ડાયા આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૮૭,૧૬૩ .૩૮/–અંકે રૂપિયા સત્યાંશી હજાર, એકસો ત્રેસઠ, પૈસા આડત્રીસ પુરા મંજૂર કરી, સને–૨૦૨૦ / ૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે, વ્યવસાય વેરાની ગ્રાંટમાંથી, કામગીરી કરાવવા અંગેની દરખાસ્ત કરી, મંજુરત મેળવી જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર..

કા.સ.ઠ.નં.–૩૮૧ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૭૫</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ  વલસાડ પારડી સપ્તશૃંગી મંદિર આગળની  ખુલ્લી  જગ્યાથી ગોપી ફળિયા આગળનું ચેમ્બર સુધીનું નવી ૪૫૦ ડાયા મીટર(પાર્ટ–૦૧ ),આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા. ૬,૩૬,૩૨૭ .૪૨/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં. ૧૩ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ–૨ (તથા) ૫, વલસાડ પારડી   સપ્તશૃંગી મંદિર આગળની ખુલ્લી જગ્યાથી ગોપી ફળિયા આગળનું ચેમ્બર સુધીની નવી ૪૫૦ ડાયા મીટર  આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ  ( પાર્ટ –૦૧) રૂા.૬,૩૬,૩૨૭–૪૨ અંકે રૂપિયા  છ લાખ, છત્રીસ હજાર, ત્રણસો સત્તાવીસ પૈસા બેતાલીસ પુરા મંજુર કરી, નામદાર સરકારશ્રીની વ્યવસાય વેરાની ગ્રાંટમાંથી કામગીરી કરાવવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર..

કા.સ.ઠ.નં.–૩૮૨ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

કામ નં.–૭૬

વિષયઃ– તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ પારડી ગોપી ફળિયા આગળથી તરીયાવાડ પમ્પીંગ સ્ટેશન સુધીનું નવી ૪૫૦ ડાયા મીટર(પાર્ટ–૦૨ ),આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા. ૪૨,૯૧,૯૫૫ .૦૦/–મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

ડ્રે.ક.ઠ.નં. ૧૪ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ –૨ ( તથા ) ૫– વલસાડ પારડી ગોપી ફળિયા આગળથી તરીયાવાડ પમ્પીંગ સ્ટેશન સુધીનું નવી ૪૫૦ ડાયા મીટર(પાર્ટ–૦૨ ),આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા. ૪૨,૯૧,૯૫૫ .૦૦/– અંકે રૂપિયા બેતાલીસ લાખ, એકાણું હજાર, નવસો પંચાવન પુરા મંજુર કરી, નામદાર સરકારશ્રીની અમૃત યોજનામાં કે કોઈ ગ્રાન્ટમાંથી કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૮૩ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

————————————————————————————————————————————————

<u>કામ નં.–૭૭</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ કાશ્મીર નગર, બરૂડીયાવાડ, રાઈસમીલ, વલસાડ પારડી મંદિર સામે વિસ્તારમાં નવી ૨૫૦ તેમજ ૪૫૦ ડાયા મીટરની નવી આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા. ૨૦,૪૬,૯૭૩ .૦૦/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં. ૧૫ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ–૨, કાશ્મીર નગર, બરૂડીયાવાડ, રાઈસમીલ, વલસાડ પારડી મંદિર સામે વિગેરે વિસ્તારમાં ૨૫૦ તેમજ ૪૫૦ ડાયા મીટરની નવી આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટમેઈટ રૂા.૨૦,૪૬,૯૭૩.૦૦/–અંકે રૂપિયા વીસ લાખ, છેતાલીસ હજાર, નવસો તોતેર પુરા મંજુર કરી નામદાર સરકારશ્રીની વ્યવસાય વેરાની ગ્રાન્ટમાંથી કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૮૪ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૭૮</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ વોર્ડ નં.–૧૧માં આવેલ ઝરણાપાર્ક દશરથભાઈ પરમારની દુકાનની પાછળવાળી ગલી( પૂર્વ ભાગની ) વિગેરે જુદા જુદા વિસ્તારમાં નવી આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં. ૧૬ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ,(૧) ઝરણા પાર્ક દશરથભાઈ પરમારની દુકાનની પાછળવાળી ગલીનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૨૧,૮૮૬–૮૦ (૨) દયાળજીની વાડી સંપતભાઈ નાયકાવાળી ગલીનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૨૮,૪૪૦–૦૦ (૩) સિંકદરની ચાલની ગલીનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૨૮,૪૪૦–૦૦ (૪)સુધાનગર અબ્રામા જાલીભાઈ પોલિસવાળાના ઘર આગળનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૭૯,૮૨૦/– (૫) લુહાર ફળિયા, મુકેશભાઈ પટેલની ગલીનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૪૧,૯૪૦/– તથા રૂા.૧,૦૮,૦૫૬–૮૦ (૬) રોહિતવાસ હેમંતભાઈ વાઘેલાની ગલીનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૪૧,૬૯૫–૨૦ પૂરા આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાના અંગેના આવેલ એસ્ટીમેઈટો મંજૂર કરવા તેમજ મોહનભાઈ પટેલ સાતગાળાવાળો વિસ્તાર પાસે હાલે સાયકલ ટ્રેકનું કામ કાર્યરત છે જે ધ્યાને લેતા ડ્રેનેજ લાઈન નાખવા અંગે પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે જે બાબત ધ્યાને લેતા પ.વ.ડી. શાખા ઈજનેર ધ્વારા જરૂરી સ્થળ તપાસ કરાવી પ્રશ્નોવાળી જગ્યા બાબતે ડ્રેનેજ લાઈન નાખવાનું આયોજન કરી સદરહુ વિસ્તારને ડ્રેનેજ લાઈન અંગેની સુવિધા મળે એ બાબતેની કામગીરી વ્યવસાય વેરાની ગ્રાંટમાંથી, કામગીરી કરાવવા અંગેની દરખાસ્ત કરી, મંજુરત મેળવી જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૮૫ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૭૯</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ વોર્ડ નં.–૮માં આવેલ સુદામા સદન તિથલ રોડ આગળ–પાછળના ભાગમાં નવી આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

ડ્રે.ક.ઠ.નં. ૧૬ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ, વોર્ડ નં.–૮માં આવેલ સુદામા સદન તિથલ રોડ આગળ–પાછળના ભાગમાં નવી આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાના આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૪૫,૮૨૭.૨૦ અંકે રૂપિયા બે લાખ, પિસ્તાળીસ હજાર,આઠસો સત્તાવીસ પૈસા વીસ પૂરા મંજૂર કરી, સને–૨૦૨૦ / ૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે વ્યવસાય વેરાની ગ્રાંટમાંથી, કામગીરી કરાવવા અંગેની દરખાસ્ત કરી, મંજુરત મેળવી જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૮૯ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૮૦</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ વોર્ડ નં.–૭માં આવેલ રતિલાલ જરીવાલા, રાખોડીયા તળાવ પાસે નવી આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં. ૧૮ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ, વોર્ડ નં.૭ માં રતિલાલ જરીવાલા રાખોડિયા તળાવ પાસે નવી આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાના આવેલ એસ્ટીમેઈટ રૂા.૬૪,૧૧૬/– અંકે રૂપિયા ચોસઠ હજાર, એકસો સોળ પૂરા સને –૨૦૨૦ / ૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે વ્યવસાય વેરાની ગ્રાંટમાંથી, કામગીરી કરાવવા અંગેની દરખાસ્ત કરી, મંજુરત મેળવી જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૮૭ / તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૮૧</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખામાં ટ્રેકટર જેટીંગ મશીન જી.જે.૧૫.જી.૬૮૯ રીપેરીંગ કામ બાબતે કંપની ઓથો.ડીલર મનીયાર એન્ડ કંપની લીમીટેડ, અમદાવાદ ખાતે જરૂરી રીપેરીંગ કરવા વ્હીકલ મોકલવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં. ૧૯ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખામાં મે. નામદાર સરકારશ્રી ધ્વારા જેટિંગ મશીન જી.જે.૧૫.જી.૬૮૯ (ટ્રેકટર વ્હીકલ ) વર્ષો જૂનું હોય તથા વલસાડ નગરપાલિકામાં હદ વિસ્તારમાં ડ્રેનેજ અંગેની આવતી ફરિયાદનો નિકાલ કરવામાં સદરહુ વ્હીકલનો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ સદરહુ વ્હીકલમાં રિપેરિંગ / સર્વિસિંગ ટીનવર્ક, હાઈડ્રોલિક પ્રેસર સિસ્ટમ, હાઈડ્રોલિક ગિયર વિગેરે કામગીરી કરવાની જરૂરીયાત સંદર્ભે કંપની ઓથો ડીલર મનીયાર એન્ડ કંપની લીમીટેડ, અમદાવાદ ખાતે સદરહુ વ્હીકલને તેમના અમદાવાદ ખાતેના વર્કશોપ પર મોકલાવી ઉપરોકત જરૂરિયાત મુજબની કામગીરી તાત્કાલિક કરવા તથા સદરહુ કામગીરી કરાવવા માટે આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૮૮/ તા.: ૦૪–૦૩–૨૦૨૧

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

<u>કામ નં.–૮૨</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખામાં જેટીંગ મશીન જી.જે.૧૫.જી.૧૧૮૩ ના ટાયર બદલવાની જરૂરીયાત હોય નવા ટાયર ખરીદ કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં. ૨૦ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખાના ડિપાર્ટ. વ્હીકલ જેટિંગ મશીન જી.જે.૧૫.જી.૧૧૮૩ ના ટાયર ધસાય જવાથી બદલવાની જરૂરિયાત સંદર્ભે સ્થાનિક બજારમાંથી ત્રણ ભાવ મંગાવતા વલસાડ ટાયર્સ વલસાડના ભાવ સૌથી ઓછા અને વ્યાજબી હોય, જે સદરહુ એજન્સી વલસાડ ટાયર્સ, વલસાડના ભાવો મંજૂર કરી, ટાયર્સ ખરીદ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૮૯/ તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૮૩</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખામાં મનીયાર એન્ડ કંપની અમદાવાદનું જેટીંગ મશીન તથા ગ્રબ બોકેટ સીસ્ટમમશીન નવું ખરીદ કરવાનું આવેલ કોટેશન મુજબ જરૂરી મશીનરી ખરીદ કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

ડ્રે.ક.ઠ.નં. ૨૧ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ ડ્રેનેજ શાખામાં જેટિંગ મશીન (ટેમ્પો ) તથા ટ્રેકટર જેટિંગ મશીન ફાળવવામાં આવેલ છે વલસાડ શહેર હદ વિસ્તારમાં અબ્રામા / મોગરાવાડી ગ્રામ પંચાયત તેમજ આઈસોલેટેડ વિસ્તારનો સમાવેશ થયેલ હોવાથી શહેરમાં રહેણાંક ઘરો / યુનિટ / એપાર્ટ / રો. હાઉસ / સોસાયટી તેમજ વાણિજય એકમનો વધારો થવાથી શહેરમાં ડ્રેનેજને લગતી ફરિયાદ વધુ આવે છે તથા સદરહુ આવેલ ફરિયાદનો સમયસર યોગ્ય નિકાલ થાય એવા શુભ આશયથી ડ્રેનેજશાખામાં જેટિંગ મશીન નંગ–૧ તથા ગ્રબ બોકેટસિસ્ટમ મશીન નંગ–૧ નવું ખરીદ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે જે ધ્યાને લેતા ઉપરોકત સદરહુ વ્હીકલના ઓથો ડીલર વિક્રેતા મનીયાર એન્ડ કંપની અમદાવાદ પાસેથી બંને વ્હીકલનું ભાવપત્રક મંગાવતા નીચે મુજબ આવેલ છે (૧) જેટિંગ મશીન ૬000H હાઈપ્રેસર નંગ–૧,આવેલ કોટેશન રૂા.૪૦,૦૦,૦૦૦–૦૦ (૨) ગ્રબ બોકેટ સિસ્ટમ મશીન નંગ–૧ આવેલ કોટેશન રૂા.૯,૭૫,૦૦૦/– પૂરા જેમાં નગરપાલિકા જે રીતે સૂચવે એવી ફેસિલિટીનું એડવાન્સ મશીન તૈયાર કરી કોટેશનમાં વધ–ઘટ રકમ ડિફરન્સનું ભાવ પત્રક મંજૂર કરવા અંગેના આવેલ કામે કમિટીમાં ચર્ચા વિચારણાને અંતે સદરહું ઉપરોકત મશીનરી ( વ્હીકલ ) જેમ પોર્ટલ પરથી ગ્રાન્ટમાંથી ખરીદી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર..

કા.સ.ઠ.નં.–૩૯૦/ તા.: ૦૪–૦૩–૨૦૨૧

---

<u>કામ નં.–૮૪</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૬–૦૨–૨૦૨૧ના રોજ મળેલ ડ્રેનેજ કમીટીમાં ઠરાવ્યા મુજબ ,શ્રી મહાત્મા ગાંધી લાયબ્રેરી તેમજ મહાત્મા ગાંધી માર્કેટ વચ્ચે નવી ડ્રેનેજ લાઈન અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૯૫,૬૦૦/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં. ૨૨ / તા.૨૬ / ૦૨ / ૨૦૨૧ ની ભલામણ મુજબ,નગરપાલિકા સંચાલિત શ્રી મહાત્મા ગાંધી લાયબ્રેરી તેમજ હોલ બનાવવાની કામગીરી હાલે કાર્યરત છે સદરહુ લાયબ્રેરી તેમજ હોલ બનાવવાની કામગીરી હાલે કાર્યરત છે સદરહું લાયબ્રેરી તેમજ મહાત્મા ગાંધી માર્કેટ ( ચોર ગલી ) વચ્ચે આવેલ ડ્રેનેજ લાઈન બિસ્માર હાલતમાં હોવાના કારણે લાયબ્રેરી બાંધકામના કામમાં અડચણરૂપ હોય જેથી નવી ડ્રેનેજ લાઈન નાખવા અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૯૫,૬૦૦–૦૦ મંજૂર કરી સને–૨૦૨૦ / ૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે વ્યવસાય વેરાની ગ્રાંટમાંથી, કામગીરી કરાવવા અંગેની દરખાસ્ત કરી, મંજુરત મેળવી જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મજૂર..

**<u>અધ્યક્ષ સ્થાનેથી રજુ થતાં બીજા અન્ય કામો..</u>**

**કા.સ.ઠ.નં.– ૩૯૧ / તા.:૦૪–૦૩–૨૦૨૧**
—————————————————————————————————————

**<u>વ.કા.નં.૧</u>**
**<u>વિષયઃ–</u>**

**વલસાડ નગરપાલિકા હસ્તક ચાલતી ઈનોવા ગાડી રજી.નં.GJ-15-G-1162 માં કારમાં ઈન્ટરીયર કામ જેવું કે, સીટ કવર,કારપેટ લેમીનેશન, મેટીંગ, રીવસ કેમેરો, વિગેરે માલસામાન ખરીદ કરી ફીટીંગ કરવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હસ્તક ચાલતી ઈનોવા ગાડી રજી.નં.GJ-15-G-1162 માં કારમાં ઈન્ટરીયર કામ જેવું કે, સીટ કવર,કારપેટ લેમીનેશન, મેટીંગ, રીવસ કેમેરો, વિગેરે માલસામાન ખરીદ કરી ફીટીંગ કરવાની જરૂરીયાત હોય, સદરહુ કામે સ્થાનિક બજારમાંથી –૦૩ ભાવો મેળવવામાં આવેલ. જેમાં એજન્સીશ્રી મારૂતિ ગેલેરી, ને.હા.નં.–૮, જી.આઈ.ડી.સી. વાપીના ભાવો ૩૬,૩૦૦/– પુરા ઓછા ભાવો આવેલ છે. જે સદરહું ઓછા ભાવો મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.–૩૯૨ / તા.:૦૪–૦૩–૨૦૨૧

———————————————————————————————————————————————————

<u>વ.કા.નં.૨</u>

<u>વિષય:–</u>વલસાડ નગરપાલિકા હસ્તક ચાલતી ટવેરા ગાડી રજી.નં.**GJ-15-G-1275** માં જરૂરીયાત મુજબ સર્વિસ કરવાની કામગીરી જરૂરીયાત મુજબ, દેસાઈ ઓટોમોબાઈલ પ્રા.લી.,બલીઠા, વાપી પાસે કરાવેલ છે. જે કરાવેલ કામગીરીનું બીલ રૂા. ૨૨,૧૫૫/–પુરાનું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હસ્તક ચાલતી ટવેરા ગાડી રજી.નં.**GJ-15-G-1275** માં જરૂરીયાત મુજબ સર્વિસ કરવાની કામગીરી જરૂરીયાત હોય, સદરહુ સર્વિસ કરવાની કામગીરી એજન્સીશ્રી દેસાઈ ઓટોમોબાઈલ પ્રા.લી.,બલીઠા, વાપી પાસે કરાવેલ છે. જે કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા. ૨૨,૧૫૫/–અંકે રૂા.બાવીસ હજાર, એકસો પંચાવન પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૩૯૩ / તા.:૦૪–૦૩–૨૦૨૧

——————————————————————————————————————————

<u>વ.કા.નં.–૩</u>

<u>વિષયઃ–</u>વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં મોગરાવાડી ખાતે જયરામ તળાવ ( મોટા તળાવ )માં વરસાદી સીઝન દરમ્યાન તેમજ ભવિષ્યમાં તળાવમાં પાણીનો ભરાવો થવાથી તળાવનું પાણી બહાર ન આવે તેવા શુભ આશયથી સદરહુ તળાવની ફરતે માટી પુરાણના કામનો ખર્ચ રૂા.૩,૩૦,૧૦૦/–પુરાનો મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ના.સરકારશ્રીની વર્ષ : ૨૦૧૮–૧૯ ના વર્ષની ૧૪ માં નાણાંપંચની યોજના ( પ્રથમ તેમજ બીજા હપ્તો_વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં મોગરાવાડી ખાતે જયરામ તળાવ ( મોટા તળાવ ) ડેવલપમેન્ટ કરવાનું કામ ટેન્ડરરશ્રી રાજપુત કન્સ્ટ્રકશન, સુરેન્દ્રનગરનું મંજુર કરવામાં આવેલ. સદરહુ તળાવ ડેવલપમેન્ટના કામે વલસાડ નગરપાલિકાના અન્વયે વરસાદી સીઝન દરમ્યાન તેમજ ભવિષ્યમાં તળાવમાં પાણીનો ભરાવો થવાથી તળાવનું પાણી બહાર ન આવે તેવા શુભ આશયથી સદરહુ તળાવની ફરતે માટી પુરાણ કરી ઉંચાઈ થવાથી વધુ પાણીનો સંગ્રહ થાય એમ છે. તો સદરહું તળાવની ફરતે માટી પુરાણના કામે કન્સલટન્ટશ્રી ઘ્વારા સ્થળ તપાસ કરતાં સદરહુ કામનો આવેલ ખર્ચ રૂા.૩,૩૦,૧૦૦/–ત્રણ લાખ,ત્રીસ હજાર,એકસો પુરાનો મંજુર કરી, સદરહુ કામગીરી કરાવવા માટે આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૯૪ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

વ.કા.નં.૪

વિષયઃ– વલસાડ નગરપાલિકાની માલીકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીંગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર, વારસાઈરૂએ નામફેર કરવાની આવેલ અરજીઓ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની માલીકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીંગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર, વારસાઈરૂએ નામફેર કરવાની આવેલ અરજીઓ અંગેના કામે ચર્ચા વિચારણાના અંતે હાલ સદરહુ કામ મુલતવી રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૯૫ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

વ.કા.નં.૫

વિષયઃ– હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૩૧ / તા.:૨૬–૦૨–૨૦૨૧ની ભલામણ મુજબ સને : ૨૦૨૦ ના વર્ષ માટે હોસ્પીટલ ખાતે દવા, ઈન્જેકશન, શીરપ તથા સર્જીકલ આઈટમો ખરીદવાના કામે દૈનિક પેપરમાં જાહેરાત આપી ટેન્ડર મંગાવતા સમય–મર્યાદામાં આવેલ ભાવોનું તુલનાત્મક પત્રકમાં દર્શાવ્યા મુજબ જે તે આઈટમના સૌથી ઓછા ભાવ જે ટેન્ડરરે ભરેલ છે. તેમની પાસે ટેન્ડરમાં જણાવેલ આઈટમ ખરીદ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૩૧ / તા.:૨૬–૦૨–૨૦૨૧ની ભલામણ મુજબ સને : ૨૦૨૦ ના વર્ષ માટે મ્યુનિસિપલ હોસ્પીટલ ખાતે દવા, ઈન્જેકશન, શીરપ તથા સર્જીકલ આઈટમો ખરીદવાના કામે દૈનિક પેપરમાં જાહેરાત આપી, ટેન્ડરનું વેચાણ કરી ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ પાર્ટ–૧ ( દવા–ગોળી ), પાર્ટ–૨(ઈન્જેકશન ), પાર્ટ–૩ ( શીરપ ),પાર્ટ–૪ ( સર્જીકલ આઈટમ ) ના ભાવો મંગાવતા સમય મર્યાદામાં નીચે દર્શાવ્યા મુજબની કુલ–૫( પાંચ) એજન્સીઓના ટેન્ડરો આવેલ.

(૧) મેડીકેર ડીસ્ટ્રીબ્યુટર્સ – ડુંગરી.

(૨) શ્રીજી ફાર્મા, – વલસાડ.

(૩) આર્શિવાદ મેડીકલ એજન્સી– તિથલ રોડ, વલસાડ.

(૪) શાહ સર્જીકલ–વલસાડ.

(૫) દિવ્યા એન્ટરપ્રાઈઝ – ડી.એન.શોપીંગ સેન્ટર,વલસાડ.

ઉપરોકત આવેલ પાંચ ટેન્ડરો તા.:૦૫ / ૧૧ / ૨૦૨૦ ના રોજ મે.પ્રમુખશ્રી, હોસ્પીટલ કમીટીની સંમતીથી મે. ચીફ ઓફીસર સાહેબ, વલસાડ નગરપાલિકાની ઉપસ્થિતીમાં ખુલ્લા કરવામાં આવેલ અને તેનું તુલનાત્મક પત્રક બનાવવામાં આવેલ તે જોતાં ટેન્ડરરોએ ટેન્ડર પાર્ટ–૧( દવા–ગોળી), પાર્ટ–૨(ઈન્જેકશન ), પાર્ટ–૩(શીરપ), પાર્ટ–૪( સર્જીકલ આઈટમ )નાં ભાવો આ સાથે પત્રકમાં ટેન્ડર આઈટમ નંબર સહીત દર્શાવ્યા છે. તે મુજબ જે ટેન્ડરરના ભાવ સૌથી ઓછા છે તેમના પાસેથી ટેન્ડર આઈટમ નંબર સામે દર્શાવ્યા મુજબનું દવા–ગોળી વિગેરેનું જરૂરીયાત મુજબનો જથ્થો સમયાંતરે વર્કઓર્ડર આપી જે તે એજન્સી પાસેથી ખરીદ કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ..ઠ.નં.–૩૯૬ / તા.:૦૪–૦૩–૨૦૨૧

———————————————————————————————————————

<u>વ.કા.નં.૬</u>

<u>વિષયઃ–</u> અબ્રામા વિસ્તારમાં આવેલ પાળ ફળીયામાં મિલકત નં.૭૪૭ /૧ જે મ્યુનિ.દફતરે સનેઃ૨૦૦૯–૧૦ માં પટેલ કૈલાશબેન છોટુભાઈ ના નામે ચાલતુ હતું. ત્યારબાદ ટેક્ષ ડીપાર્ટમેન્ટ કોમ્પ્યુટરાઈઝ થયેલ તે સમયે મિલકત નં. ૭૪૭ /૧ ની એન્ટ્રી કરવાની રહી ગયેલ હતી. જેથી અરજદારે રજુ કરેલ પુરાવાઓને આધારે મ્યુનિ. દફતરે જુના નંબર ઉપર આકારણી રજીસ્ટરે દાખલ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અબ્રામા વિસ્તારમાં આવેલ પાળ ફળીયામાં મિલકત નં.૭૪૭ /૧ જે મ્યુનિ.દફતરે સને : ૨૦૦૯–૨૦૧૦ માં પટેલ કૈલાશબેન છોટુભાઈ ના નામે ચાલતુ હતું. ત્યારબાદ ટેક્ષ ડીપાર્ટમેન્ટ કોમ્પ્યુટરાઈઝ થયેલ તે સમયે મિલકત નં. ૭૪૭ /૧ ની એન્ટ્રી કરવાની રહી ગયેલ હતી. જે મિલકતની જુની રસીદ તથા ૭/૧૨ ની નકલ રજુ કરેલ છે. તેમજ ઉપરોકત મિલકત બાબતે કોર્ટમાં કેસ ચાલતો હતો. જે કેસનો ચુકાદો અરજદારની તરફેણમાં આવેલ છે. વધુમાં અરજદારે સોગંદનામુ રજુ કરેલ છે. વધુમાં જમીન માલીકોમાં નાં એક ત્રિગુલભાઈ નાનુભાઈ પટેલે આ બાબતે વાંધા લીધેલ છે. તો અરજદારે રજુ કરેલ પુરાવાઓને આધારે મ્યુનિસિપલ દફતરે જુના નંબર ઉપર આકારણી રજીસ્ટરે દાખલ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૩૯૭ / તા.:૦૪–૦૩–૨૦૨૧

————————————————————————————————————

વ.કા.નં.૭

વિષયઃ– વલસાડ નગરપાલિકા હદમાં ધરમપુર રોડને અડીને તેમજ આર.પી.એફ. ગ્રાઉન્ડને લાગુ આવેલ જાહેર માર્ગનું " પરાગજી દુર્લભભાઈ વશી માર્ગ " નામકરણ કરવા બાબતની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,અરજદારશ્રી પુરંજય પ્રકાશભાઈ વશી વિગેરે, વશી ફળીયા, હાલર, વલસાડની તા.:૦૨–૦૨– ૨૦૨૦ ની અરજીમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદમાં ધરમપુર રોડને અડીને તેમજ આર.પી.એફ. ગ્રાઉન્ડને લાગુ આવેલ જાહેરમાર્ગ નનકવાડા ગ્રામ પંચાયતના હદ વિસ્તારના જાહેર માર્ગને મળી વાંકી ખાડી થઈ સેગવી, અટાર, મગોદ, ભગોદ, હરીયા, તિથલ વિગેરે ગામ તરફ મળે છે. અને સદરહુ માર્ગ લશ્કરી માર્ગ તરીકે ઓળખાય છે. અને સદરહુ માર્ગની અમુક જમીનોના મુળ અરજદારશ્રીના વડીલો પરાગજી દુર્લભભાઈ વશીના નામે ચાલી આવેલ હતી. અને જે તે સમયે તેઓ ધ્વારા સરકારશ્રીને નજીવી કિંમતે સંપાદન કરવામાં આવેલ. તો સદરહુ બાબતે સદરહુ માર્ગનું " પરાગજી દુર્લભભાઈ વશી માર્ગ " ના નામે નામકરણ કરવા જણાવેલ છે.

ઉપરોકત અરજદારશ્રીની અરજીમાં જણાવેલ હકીકતોથી વિદીત થતાં, સદરહુ જણાવેલ જાહેર માર્ગને " **પરાગજી દુર્લભભાઈ વશી માર્ગ "** તરીકે નામકરણ કરવા અંગેની જરૂરી નિયમોનુસારની કાર્યવાહી, ઈજનેરશ્રી, પ.વ.ડી. શાખા મારફતે કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૩૯૮/ તા.:૦૪–૦૩–૨૦૨૧

——————————————————————————————————————————

<u>વ.કા.નં.૮</u>

<u>વિષય:–</u> એમ.કે. કોમ્પ્યુટર,વલસાડ પાસેથી  રેકર્ડોનું ડીજીટલ સ્કેનીગનો ડેટા જરૂરી હાર્ડ ડ્રાઈવમાં સ્ટોરેજ કરવાની જરૂરીયાત હોવાથી ,**1 TB HARD DRIVE** ખરીદીનું બીલ રૂા.૪૯૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના જુના રેકર્ડને ડીજીટલ સ્કેનીંગ કરવાના કામે એજન્સીશ્રી ઓમ ડીજીટલ, અમલસાડ, નવસારીનું ટેન્ડર કા.સ.ઠ.નં.–૪૧૭ / તા.: ૧૮–૦૧–૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ છે. અને મંજુર થયા મુજબ એજન્સીને વર્કઓર્ડર આપવામાં આવેલ છે. અને એજન્સી ધ્વારા હાલે વલસાડ નગરપાલિકાના ડીપાર્ટમેન્ટ વાઈઝ જુના રેકર્ડોને ડીજીટલ સ્કેનીંગ કરવાની કામગીરી હાલે ચાલુ છે. એજન્સી ધ્વારા  કરેલ રેકર્ડોનું ડીજીટલ સ્કેનીંગનો ડેટા જરૂરી હાર્ડ ડ્રાઈવમાં સ્ટોરેજ કરવાની જરૂરીયાત હોવાથી ,**1 TB HARD DRIVE** ખરીદી વલસાડના સ્થાનિક એમ.કે. કોમ્પ્યુટર પાસેથી ખરીદ કરેલ છે. ખરીદ કરેલ ,**1 TB HARD DRIVE** ખરીદીનું  બીલ રૂા.૪૯૦૦/–અંકે રૂા.ચાર હજાર, નવસો પુરાનું બીલનું ચુકવણું નગરપાલિકાના કર્મચારીશ્રી પ્રકાશ કુંકણા ધ્વારા રોકડેથી કરવામાં આવેલ છે. સદરહું આવેલ રોકડ બીલનું ચુકવણું કરવા માટે બીલ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૩૯૯ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>વ.કા.નં.૯</u>

<u>વિષયઃ–</u> **વલસાડ નગરપાલિકા સંચાલિત શ્રી મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલયમાં વાર્ષિક લવાજમની ઉપરોકત રકમ રૂા.૧૨,૩૦૦/– મેગેઝીન વર્લ્ડ, આણંદને મોકલવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા સંચાલિત શ્રી મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલયમાં આવતા વાચકો તેમજ રોજગારી મેળવવા ઈચ્છતા વિધાર્થી / યુવાનો માટે ઉપયોગી ગુજરાતી સામયિકોના લવાજમ રીન્યુઅલ કરવાની જરૂરીયાત છે. લાયબ્રેરી માટે વાચકો / વિધાર્થી / રોજગાર મેળવવા ઈચ્છુક યુવાનો માટે મંગાવવા જેવા સામયિકોનું, ગ્રંથપાલશ્રી,મ.ગાં.સા.પુસ્તકાલયના રીપોર્ટમાં જણાવ્યા મુજબ સામયિકો લાયબ્રેરી માટે મંગાવવા માટે વાર્ષિક લવાજમની ઉપરોકત રકમ રૂા.૧૨,૩૦૦/– અંકે રૂા. બાર હજાર, ત્રણસો પુરા, મેગેઝીન વર્લ્ડ, આણંદને મોકલવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૪૦૦ / તા.:૦૪–૦૩–૨૦૨૧

---

વ.કા.નં.૧૦

વિષયઃ– ના.સરકારશ્રીની રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના (NULM ) હેઠળ શહેરી ઘર વિહોણા માટે આશ્રય સ્થાન ઘટક હેઠળ નાઈટ શેલ્ટર બનાવવાના કામે ઈજનેરશ્રી તેમજ કન્સ્લટન્ટશ્રીના ઈજનેરશ્રીના સંયુકત સ્થળ તપાસ કરી મંજુર થયેલ ડીઝાઈનમાં તેમજ સોઈલ ટેસ્ટીંગ મુજબના વધારાની રબલ સોલીંગ, કોલમના ફુટીંગના માપોમાં વધારો કરવામાં આવેલ છે. જે વધારાની કામગીરીનો ખર્ચ ૨૪,૦૮,૮૮૧.૫૪/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના(NULM ) હેઠળ શહેરી ઘર વિહોણા માટે આશ્રય સ્થાન ઘટક હેઠળ જયોતિ હોલના સામેના ભાગે આવેલ શાકભાજી માર્કેટની પાછળ, જય માતાજી સ્ટોર્સની પાસે નાઈટ શેલ્ટર બનાવવાના કામે એજન્સીશ્રી સી.આર.પી. ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.,સુરતનું ટેન્ડર કા.સ.ઠ.નં.૩૧૩ / તા.:૦૪–૧૧–૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે. સદરહું કામે નિમણુંક કરવામાં આવેલ કન્સ્લટન્ટશ્રી ક્રિષ્ણા કન્સ્લટન્ટ, આણંદના તા.: ૧૫–૦૧–૨૦૨૧ ના પત્રમાં જણાવ્યા મુજબ ઉપરોકત કામે મંજુર થયેલ જગ્યાએ સ્થળ ઉપર જોતાં મંજુર થયેલ જગ્યા પાસેથી મુખ્ય ગટર પસાર થતી હોય તથા પે એન્ડ યુઝ ટોયલેટની લાઈનો, ખાળકુવો તથા જુની પુરાણની જગ્યા માલુમ પડેલ હોય, જેથી સદરહુ બાબતે સ્થળ ઉપર કામના એજન્સી ધ્વારા SBC રીપોર્ટ પણ મેળવવામાં આવેલ છે. અને જેને ધ્યાને લઈ નગરપાલિકાના ઈજનેરશ્રી તેમજ કન્સ્લટન્ટશ્રીના ઈજનેરશ્રી સાથે સંયુકત સ્થળ તપાસ કરી મંજુર થયેલ ડીઝાઈનમાં ફેરફાર કરવામાં આવેલ છે અને સોઈલ ટેસ્ટીંગ મુજબના વધારાની રબલ સોલીંગ કરવામાં આવેલ છે. તેમજ કોલમના ફુટીંગના માપોમાં પણ વધારો કરવામાં આવેલ છે. અને સદરહુ બાબતે સ્થળ પરીસ્થિતિને ધ્યાને લઈ કરવાની થતી વધારાની કામગીરીનો ખર્ચ રૂા.૨૪,૦૮,૮૮૧.૫૪/– પુરો થવા જાય એમ છે. ઉપરોકત હકીકતો ને ધ્યાને લઈ, સદરહું ખર્ચ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૦૧/ તા.:૦૪–૦૩–૨૦૨૧

---

<u>વ.કા.નં.૧૧</u>

<u>વિષયઃ–</u> તા.:૨૬/૦૨/૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ, ખાનગી સોસાયટીમાં ડ્રેનેજને લગતી ફરિયાદને નિકાલ સંદર્ભે જરૂરી ચાર્જ વસુલ કરવા બાબતે જરૂરી થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં. ૨૨ / તા.: ૨૬/૦૨/૨૦૨૧ ની ભલામણ મુજબ, આ કામ કમિટી સમક્ષ રજુ કરવામાં આવતાં ડ્રેનેજ ઈજનેરશ્રી તથા ચીફ ઓફીસરશ્રીની રીમાર્કસ ધ્યાને લેતાં જરૂરી ચર્ચા વિચારણા કરતાં સભ્યશ્રી ઉજેશભાઈ પટેલે જણાવ્યું કે, ખાનગી સોસાયટી / એપાર્ટમેન્ટમાં સોસાયટીમાં રહેણાંક માલિકો પાસેથી દર મહિને / વાર્ષિક મેન્ટેનન્સ ઉઘરાવવામાં આવે છે. જેમાં સોસાયટીને એપાર્ટમેન્ટ લગતા મેન્ટેનન્સ કામગીરી કરવામાં આવે છે. સોસાયટી / એપાર્ટમેન્ટમાં ગ્રાઉન્ડ બેઝ ઉપર આંતરિક ચેમ્બરોમાંથી નગરપાલિકા કનેકશન માટે એક લાઈન કરી ડ્રેનેજ જોડાણ આપવામાં આવે છે આમ સોસાયટી / એપાર્ટમેન્ટમાં આંતરિક ચેમ્બ્શ્ર પાઈપ લાઈન તથા લેવલ મેન્ટેનના ઉપસ્થિત પ્રશ્નો અંગે પ્રાઈવેટ સોસાયટી / એપાર્ટમેન્ટમાં ડ્રેનેજ ઉભરાવા અંગેની ફરિયાદ અત્રેની કચેરીએ આવે છે તથા ઉપરોક્ત ખાનગી માલિકીની તમામ મિલકતોમાં ડ્રેનેજ બાબતે નગરપાલિકાની કોઈ જવાબદારી રહેતી નથી નગરપાલિકાની જવાબદારી ફકત નગરપાલિકાએ નાખેલ ડ્રેનેજ લાઈનની રહે છે.

ચેરમેનશ્રી રમેશભાઈ પટેલ ધ્વારા જણાવવામાં આવ્યું કે, હાલે ન.પા.હદ વિસ્તારમાં ડ્રેનેજ કનેકશન કેટલા તથા રહેણાંક / બિન રહેણાક / કનેકશનની યાદી હાઉસ–ટેકસ ડિપાર્ટમેન્ટમાંથી મેળવી ડ્રેનેજ કનેકશન અંગેનું યોગ્ય ચિતાર રજૂ કરવા જણાવ્યું.

સભ્યશ્રી ઝાકિરભાઈ પઠાણે જણાવ્યું કે, અબ્રામા / મોગરાવાડી ઝોન વિસ્તારમાં ડ્રેનેજ જોડાણ અંગેની કામગીરી કાર્યરત છે અને હાલે પૂર્ણ થવાને આરે છે તો અબ્રામા / મોગરાવાડી ઝોન વિસ્તારની તમામ મિલકતો ઉપર ડ્રેનેજવેરો નાખવામાં આવે તો નગરપાલિકાને આર્થિક નાણાંકીય ફાયદો થાય એમ છે.

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલે જણાવ્યું કે હાલે અબ્રામા / મોગરાવાડી ઝોન વિસ્તારમાં ડ્રેનેજ અંગેનો વેરો નગરપાલિકા દફતરે આવતો નથી અને આપણે તેમની ડ્રેનેજ લક્ષી ફરિયાદોનો નિકાલ કરવો પડે છે જે કેટલે અંશે વ્યાજબી છે ? તથા હદ બહાર કનેકશન નગરપાલિકા દફતરે કેટલું નોંધાયેલું છે ?

ચેરમેનશ્રી રમેશભાઈ પટેલ ધ્વારા જણાવવામાં આવ્યું કે, હાઉસ –ટેકસ ડિપાર્ટ ડ્રેનેજ કનેકશન બાબતે હદ બહાર વિસ્તારની જરૂરી માહિતી મેળવવા જણાવ્યું.

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ એ જણાવ્યું કે આપણી સમિતિ ધ્વારા જે સમીક્ષા થઈ જે ધ્યાને લઈ ન.પા.હદ વિસ્તારની તમામ મિલકતોમાં ડ્રેનેજ વેરો નાખવો જોઈએ સને–૨૦૨૦–/૨૧ ના વર્ષના વોર્ડ–વાર ડ્રેનેજ કનેકશન પત્રકમાં જોતાં રહેણાંક ૧૪૪૮૩ બિન–રહેણાંક–૧૧૩૮ કુલ–૧૫૬૨૧ + ૭૧૬ ( હદ બહાર ) ડ્રેનેજ કનેકશન માલૂમ પડેલ છે અંદાજે ૬૦૦૦૦જેટલી રહેણાક તેમજ વાણિજય એકમોમાં ડ્રેનેજ વેરો વસૂલ કરવામાં આવતો નથી જેથી નગરપાલિકા હદ વિસ્તારની તમામ રહેણાક વાણિજય એકમોમાં સ્થળ તપાસ કરાવી ડ્રેનેજ વેરો વસુલ કરવો જોઈએ.

વધુમાં, ઉજેશભાઈએ જણાવ્યું કે હાઉસ ટેકસ દફતરે ડ્રેનેજવેરો વધારવો એવું મારૂ ચેરમેનશ્રી સૂચન છે જેમાં,

૧) રહેણાક / એપાર્ટ વિગેરે ૪૦૧ + ૫૦ નો વધારો

૨) હોટલ / હોસ્પિટલ / દુકાન / મેરેજ–હોલ / વિગેરે વાણિજય એકમો ૨૨૦૦ + ૫૦૦ નો વધારો

૩) કંપની / ઓદ્યોગિક એકમ ૬૦૦૦ + ૩૦૦૦ નો વધારો

૪) કોમોર્શીયલ ઓફિસ ૧૩૨૦ + ૧૦૦ નો વધારો

ઉપરોકત હકીકતોથી વિદિત થતાં, ચર્ચા વિચારણાના અંતે, સદરહુ પ્રશ્નો ઘ્યાને લઈ, નગરપાલિકા હદ વિસ્તારની તમામ મિલકતોમાં ડ્રેનેજવેરો નાંખવા, તેમજ ઉપરોકત જણાવ્યા મુજબનો ડ્રેનેજવેરો વધારવા અંગે જરૂરી નિર્ણય કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.–૪૦૨/ તા.:૦૪–૦૩–૨૦૨૧

———————————————————————————————————————————

<u>વ.કા.નં.૧૨</u>

<u>વિષય:–</u> પસંદગી સમિતિની રચના કરવા અંગેનું આવેલ કામ બાબત..

<u>ઠરાવ.:–</u>

અગ્નિશમન સેવાના અધિકારીઓ / કર્મચારીઓની સીધી ભરતી / બઢતી માટેની પસંદગી અર્થે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : ઈએસટી / ૧૨૧૨ / સી.ફા.–૩૦ / આર, તા.:૦૪/૦૯/૨૦૧૨ તથા કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટીઝ એડમીનીસ્ટ્રેશન, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : કમિ.મ્યુનિ એડી / મકમ–ફા.નં.૧૫૦૮ / ન.પા. ભરતી સમિતિ / વશી /૩૪૭૨ / ૨૦૧૮,તા.:૨૮/૧૧/૨૦૧૮ થી થયેલ જોગવાઈઓ અનુસંધાને નીચે મુજબની પસંદગી સમિતિની રચના કરવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | પસંદગી સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | નગરપાલિકા ધ્વારા નિયુકત પસંદગી સમિતિના અધ્યક્ષ ( સામાન્ય સભાની મંજુરીને આધીન ) | અધ્યક્ષ |
| ૨ | નગરપાલિકાના પ્રમુખશ્રી અથવા તેઓશ્રી નિયુકત સદસ્યશ્રી | સભ્ય |
| ૩ | નગરપાલિકાની કારોબારી સમિતિના અધ્યક્ષશ્રી | સભ્ય |
| ૪ | પ્રાદેશિક કમિશ્નર કચેરીના પ્રતિનિધિ તરીકે પ્રાદેશિક કમિશ્નર ધ્વારા નિયુકત અધિકારી | સભ્ય |
| ૫ | અગ્નિશમન સેવાના તજજ્ઞ તરીકે સંબંધિત પ્રાદેશિક અગ્નિશમન અધિકારી | આમંત્રીત સભ્ય |
| ૬ | ચીફ ઓફીસર | સભ્ય સચિવ |

સ.મ.મંજુર..

( છાયાબેન યુ. પટેલ )
ચેરપર્સન,
કારોબારી સમિતિ,
વલસાડ નગરપાલિકા.